જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. ૦૭-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

આ ચૂંટણી નક્કી કરશે કે દેશના હીરો મજબૂત થશે કે પાકિસ્તાનના પક્ષકારો

ગરીબી નાબૂદ કરવાનો શ્રેષ્ઠ ઈલાજ કોંગ્રેસને દૂર કરોઃ મોદી

ઘણી પાર્ટીઓ પૈસાથી બની, પરંતુ ભાજપની રચના કાર્યકર્તાઓના પરસેવાથી થઈ છે, મજબૂત સરકાર જોઈએ છે કે મજબૂર', વિકાસ ઈચ્છતા હો તો રાજ્યમાં પણ સરકારને બદલો

કોંગ્રેસની નીતિઓના કારણે દેશમાં મોંઘવારી વધશે, અગાઉની સરકારો સર્જિકલ સ્ટ્રાઈક કરવાનું વિચારી શકતી નહોતી, સવાર્થી નામદારે દેશને દાવ પર લગાવી દીધો છે



સોનપુર

ઓડિશાના સોનપુરમાં એક જાહેરસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ અને આ ક્ષેત્રમાં સત્તારૂઢ બીજુ જનતા દળ (બીજેડી) પર જોરદાર પ્રહારો કર્યા હતા. કોંગ્રેસ સામે કટાક્ષ કરતા વડાપ્રધાને સભામાં હાજર લોકોને ગરીબીથી છૂટકારો મેળવવા માટેની એક 'દુર્લભ જડી-બુટ્ટી' વિશે પણ જણાવ્યું.

તેમણે કહ્યું હતું કે દેશમાંથી ગરીબી હટાવવા માટે સૌથી શ્રેષ્ઠ જડીબુટ્ટી એ છે કે 'કોંગ્રેસ હટાવો. આજનો ગરીબ જાણે છે કે કોંગ્રેસને હટાવવાથી ગરીબી આપોઆપ દૂર થઈ જશે.' કોંગ્રેસની નીતિઓના કારણે દેશમાં મોંઘવારી વધશે.

ઓડિશામાં સત્તારૂઢ ભાજપ અને કેન્દ્રમાં અગાઉની કોંગ્રેસ સરકારને ઘેરતા વડાપ્રધાને પોતાની આગવી શૈલીમાં પ્રશ્ન કર્યો હતો કે 'વીતેલા બે દાયકામાંથી અહીં કોની સરકાર રહી? મારા આવ્યા પૂર્વે કેન્દ્રમાં કોની સરકાર હતી?' બાદમાં જવાબ પણ પોતે આપતા જણાવ્યું કે બીજેડી અને કોંગ્રેસના લોકો તમે ગરીબીમાંથી બહાર આવો તેવું ઈચ્છતા જ નથી.

વડાપ્રધાને 'તમે સતત પછાત બની રહ્યા છો. શું તમે વિચાર્યું છે કે બીજા રાજ્યોની તુલનાએ તમે શા માટે પાછળ રહી ગયા. તમારી પાસે અન્ય રાજ્યોની સરખામણીએ સંસાધનો વધુ છે છતાં તમે પાછળ છો.

આવું એટલા માટે કારણ કે તમે જે સરકાર પસંદ કરી, તેમણે તમારા માટે કામ કર્યું નહીં. તેઓ ઈચ્છે છે કે તમે ગરીબ જ રહો. જો ગરીબીથી છૂટકારો મેળવવો હોય તો તમારે ઉર્જાવાન સરકાર લાવવી પડશે.'ઘણી પાર્ટીઓ પૈસાથી બની પરંતુ ભાજપની રચના કાર્યકર્તાઓના પરસેવાથી થઈ છે.

વડાપ્રધાને સરકારની યોજનાઓ ગણાવતા જાહેરસભામાં હાજર લોકોને જણાવ્યું કે, 'મને ઓડિશા પર ગર્વ થાય છે, એટલા માટે કે અમે લાખો ઘરોને મફતમાં વીજળી આપી. મફત ગેસ કનેક્શન આપ્યું. આ ઉપરાંત શૌચાલયની સુવિધા પણ ઉપલબ્ધ કરાવી. જો તમે સારી સરકાર ઈચ્છતા હો તો રાજ્યમાં પણ સરકાર બદલો. જ્યારે બંને મોચરે એક સરકાર હશે તો વિકાસ માટે શ્રેષ્ઠ સ્થિતિ ઉત્પન્ન થશે.'

વિપક્ષના જોડાણના મુદ્દે વડાપ્રધાને જણાવ્યું કે, 'આજે મોદી વિરુદ્ધ સમગ્ર વિપક્ષ એક થયો છે. મે તેમના વચેટિયાઓનો છેદ ઉડાડી દીધો. ભ્રષ્ટાચાર પર અંકુશ લગાવ્યો જેથી આ લોકો અકળાઈ ઉઠ્યા. હવે આ મહામિલાવટી લોકો સાથે મળીને ફરી ભ્રષ્ટાચાર શરૂ કરવા માટે મજબૂર સરકાર લાવવા માંગે છે. તમારે નક્કી કરવું પડશે કે કેન્દ્રમાં મજબૂર સરકાર જોઇ છે કે મજબૂત.

ભારત હવે આતંકવાદીઓને ઘરમાં ઘૂસીને મારે છે, સરકારો પહેલાં પણ હતી પરંતુ સર્જિકલ સ્ટ્રાઇક કરવાનું કોઈ વિચારી શકતી નહોતી. તેમણે કોંગ્રેસ પર અને રાહુલ ગાંધી પર પ્રહાર કરતા કહ્યું હતું કે સ્વાર્થી નામદારે દેશને દાવ પર લગાવી દીધો છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે દેશમાં પૂર્ણ બહુમતની સરકાર બનવાનું નક્કી છે.અમે ન તો પરિવાર પર આધારિત છીએ, ન તો પૈસા પર આધારિત છીએ. અમે અન્ય જેવા નથી. સ્વાર્થી નામદારે દેશને દાવ પર લગાવી દીધો છે પરંતુ અમે કામ કરવા આવ્યા છીએ.

રાહુલ ગાંધીના નિવેદન પર સુષ્મા સ્વરાજે સલાહ આપી

અડવાણીજી અમારા પિતા તુલ્ય, રાહુલ પોતાની ભાષા પર સંયમ રાખેઃ સુષમા સ્વરાજ

ન્યુ દિલ્હી

ભાજપના દિગ્ગજ લાલ કૃષ્ણ અડવાણી પર કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના વિવાદાસ્પદ નિવેદને જોર પકડયું છે. ભાજપના વરિષ્ઠ નેતા અને વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે રાહુલ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે રાહુલના નિવેદનો એ અમને આહત કર્યા છે, તેમણે ભાષાની મર્યાદાનું ધ્યાન રાખવું જોઈએ. આપને જણાવી દઈએ કે રાહુલે શુક્રવારના રોજ મહારાષ્ટ્રના ચંદ્રપુરની રેલીમાં કહ્યું હતું કે મોદીજીએ પોતાના ગુરૂ અડવાણીને જૂતા મારીને સ્ટેજ પરથી ઉતારી દીધા છે.

રાહુલને ભાષાની મર્યાદા બનાવી રાખવાની નસીહત આપતા સુષ્મા એ ટ્વીટ કર્યું, રાહુલજી, અડવાણીજી અમારા પિતાતુલ્ય છે. તમારા નિવેદને અમને ખૂબ જ આહટ કર્યા છે. કૃપ્યા ભાષાની મર્યાદા રાખવાની કોશિષ કરો.

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ શુક્રવારના રોજ ચંદ્રપુરની રેલીમાં કહ્યું કે હિન્દુ ધર્મમાં સૌથી જરૂરી હોય છે ગુરૂ. ગુરૂ-શિષ્યના સંબંધો હોય છે ને. મોદીજીના ગુરૂ કોણ છેપઅડવાણીજી. શિષ્ય ગુરૂની સામે હાથ પણ નથી જોડતા. સ્ટેજ પરથી ઉઠાવીને ફેંકી દીધા નીચે ગુરૂને. જૂતા મારીને અડવાણીજીને સ્ટેજ પરથી ઉતાર્યા અને હિન્દુ ધર્મની વાતો કરે છે. હિન્દુ ધર્મમાં કયાં લખ્યું છે કે લોકોને મારવા જોઈએ. તેમણે કહ્યું કે ૨૦૧૯ની ચૂંટણી વિચારધારાઓની લડાઈ છે. કોંગ્રેસની વિચારધારા ભાઈચારા, પ્રેમ મોદીની નફરત, ક્રોધ અને વિભાજનકારી વિચારધારા પર જીત મેળવશે.

યુકેની બ્રેક્ઝિટની મહેતલ ૩૦ જૂન સુધી લંબાવવા અરજ

લંડન

બ્રિટિશ વડાં પ્રધાન થેરેસા મેએ યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ ડોનલ્ડ ટસ્કને યુકેની બ્રેક્ઝિટની મહેતલ ૩૦ જૂન સુધી લંબાવવાની વિનંતિ કરી હતી.

બ્રિટિશ સંસદમાં બ્રેક્ઝિટને મુદ્દે હાલમાં મડાગાંઠ સર્જાઈ છે. બ્રિટિશ વડાં પ્રધાન થેરેસા મેનો બ્રેક્ઝિટને લગતો ખરડો આમસભામાંથી પસાર થઈ જાય તો યુકે યુરોપના ૨૮ દેશના સમૂહ યુરોપિયન યુનિયનમાંથી ૨૨મી મેએ નીકળી જશે.

યુરોપિયન યુનિયનના સભ્ય દેશોના નેતાઓની શિખરમંત્રણા આગામી બુધવારે મળવાની છે અને તેની પહેલાં થેરેસા મેએ યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ ડોનલ્ડ ટસ્કને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે બ્રેક્ઝિટમાંની આયર્લેન્ડને લગતી કહેવાતી વિવાદાસ્પદ જોગવાઈને કારણે સંબંધિત ખરડાને આમસભાએ ત્રણ વખત નકાર્યો હોવા છતાં યુકે બ્રેક્ઝિટને મુદ્દે સર્જાયેલી મડાગાંઠ બને એટલી જલદી ઉકેલવા કટિબદ્ધ છે.

તેમણે પત્રમાં લખ્યું હતું કે બ્રિટિશ આમસભામાંની આવી મડાગાંઠ લાંબો સમય ચલાવી નહિ લેવાય અને તેથી અમે ગયા મહિને આ મહેતલ લંબાવવા અનિચ્છાએ અરજી કરી હતી. અમારી સરકાર ફરી આ મહેતલ લંબાવવા વિનંતિ કરી રહી છે.

થેરેસા મેએ જણાવ્યું હતું કે યુનાઈટેડ કિંગડમ આમસભામાંની આ મડાગાંઠ ૨૦૧૯ની ૩૦મી જૂનની પહેલાં ઉકેલવા માગે છે

અગાઉ, યુકેએ ગયા મહિને બ્રેક્ઝિટની ૨૯મી માર્ચની મહેતલ લંબાવી હતી. જો આ મહેતલ ફરી લંબાવાશે તો યુકેએ ૨૩મી મેએ યોજાનારી યુરોપિયન યુનિયનની ચૂંટણી લડવી પડશે.

આધારના વટહુકમને પડકારતી અરજીની સુનાવણી સુપ્રીમે નકારી

ન્યુ દિલ્હી

તાજેતરમાં જ સરકાર દ્વારા આધાર અંગેના બહાર પાડવામાં આવેલા વટહુકમની બંધારણીય યોગ્યતાને પડકારતી દાખલ કરવામાં આવેલી સુનાવણી હાથ ધરવાનું સુપ્રીમ કોર્ટે શુક્રવારે નકારી કાઢ્યું હતું અને અરજકર્તાને તેની ફરિયાદ સાથે હાઈ કોર્ટમાં જવા જણાવ્યું હતું.

ન્યાયાધીશ એસ. એ બોબડે અને એસ. એ નઝીરની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે અમે આ અરજીની યોગ્યતા અંગે કશું કહેવા નથી માગતા અને આ મુદ્દે માત્ર હાઈ કોર્ટનો અભિપ્રાય જાણવા માગીએ છીએ. આ અરજીને મામલે હાઈ કોર્ટના અભિપ્રાયનો અમે લાભ લેવા માગીએ છીએ, એમ તેમણે કહ્યું હતું.

અરજકર્તાઓ વતી કોર્ટમાં હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ ખંડપીઠને જણાવ્યું હતું કે આ રાષ્ટ્રીય રીતે મહત્ત્વની બાબત છે અને સમગ્ર ભારત પર તેની અસર પડી શકે એમ હોવાને કારણે સુપ્રીમ કોર્ટે આ મુદ્દે નિર્ણય લેવો જોઈએ.





મોરબીના પાનેલી ગામના ઉપસરપંચ વિરુદ્ધ ૧૦ કરોડથી વધુની ખનીજચોરીની ફરિયાદ

ગેરકાયદેસર ખનીજ ખનન કરી પર્યાવરણને નુકશાની પહોંચાડી

મોરબીના પાનેલી ગામે બારેક દિવસ પૂર્વે થયેલા રોડ અકસ્માત બાદ ગ્રામજનોએ ખનીજચોરી મામલે વ્યાપક રોષ પ્રગટ કર્યો હતો અને તંત્ર દ્વારા ખનીજ ચોરીની તપાસ કરવામાં આવતા ગામના ઉપસરપંચ વિરુદ્ધ ૭.૧૧ લાખથી વધુની ખનીજ ચોરી કરવા ઉપરાંત પર્યાવરણ નુકશાની વળતર મળીને ૧૦.૦૨ કરોડથી વધુની ખનીજચોરી અંગે પોલીસમાં ગુન્હો નોંધવામાં આવ્યો છે.

મોરબીના ખાણ ખનીજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેકટર અંકુર ભાદરકા દ્વારા તાલુકા પોલીસ મથકમાં આઈપીસી કલમ ૩૭૯ તથા ગુજરાત મિનરલ્સ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ ટ્રાન્સપોર્ટશન એન્ડ સ્ટોરેજ) તેમજ એમ એમ આર ડી એક્ટ ૧૯૫૭ ની કલમ ૪ (૧) ૪ (૪એ) તથા ૨૧ (૧) ૬ મુજબ પાનેલી ગામના ઉપસરપંચ રમેશભાઈ શીવાભાઈ આંતરેસા વિરુદ્ધ પાનેલી ગામની સીમ જગ્યામાં આવતા વિસ્તારમાં હાર્ડ મોરમ (ખનીજ) નું ખોદકામ કરી બિન અધિકૃત રીતે ૩,૧૬,૦૮૬ મેં. ટન કીમત ૩ ૭,૧૧,૧૯,૩૫૦ સરકારની વસુલાત પાત્ર થતી રકમ તથા બિન અધિકૃત રીતે ખનન થયેલ ૩ ૨,૯૧,૫૮,૯૩૩ પર્યાવરણને નુકશાનીનું વળતર મળી કુલ ૩ ૧૦,૦૨,૭૮,૨૮૩ ની ખનીજ ખાતાની કોઈપણ મંજુરી વગર આરોપી તથા ખનન સાથે સંકળાયેલ આરોપીએ ગેરકાયદેસર ખનીજ ચોરી કરી ગુન્હો કર્યાની પોલીસ ફરિયાદ નોંધાવી છે.

કરોડોના ખનીજચોરીનો અકસ્માતને પગલે થયો પર્દાફાશ

પાનેલી ગામે તા. ૨૪-૦૩ ના રોજ એક ટ્રક દ્વારા સતવારા વૃદ્ધનું અકસ્માતે મોત થયા બાદ પાનેલી ગ્રામજનોએ આ વિસ્તારમાં વ્યાપક ખનીજચોરીની ફરિયાદ કરી હતી જે ફરિયાદને પગલે પ્રાંત અધિકારી મોરબી દ્વારા તપાસનો આદેશ મળતા ગ્રામજનો, ગામના તલાટી મંત્રીને સાથે રાખીને તપાસ કરવામાં આવી હતી જેમાં ખોદકામ એક કે દોઢ વર્ષથી ચાલુ હોય અને રસ્તો અંદાજે ત્રણ દિવસથી ખોદી નાખ્યો હોવાનું જણાવ્યું હતું અને તપાસ ટીમે સ્થળ પરની તપાસ કરવા દરમિયાન હાર્ડ મોરમ ખનીજનું ખોદકામ ગામના ઉપસરપંચ રમેશભાઈ આતરેસા હોદાનો દુરુપયોગ કરી તેમજ ગ્રામજનોએ ધમકાવીને કરતો હોય અને ગામમાંથી ખેતર જવાનો રસ્તો તોડી નાખી નુકશાન કર્યાનું ગ્રામજનોએ તપાસ ટીમને જણાવ્યું હતું.

પચ્છે ગામની સીમમાંથી સાતને ૨૪ હજાર રોકડ સાથે ઝડપી પાડતી પોલીસ

વલ્લભીપુર : દારૂ-જુગારની પ્રવૃતી નેસ્ત નાબુદ કરવાની સુચના આપેલ હોય જે સુચના અન્વયે પી.એસ.આઈ. એમ.ડી. મકવાણાના માર્ગદર્શન હેઠળ મળેલ બાતમી આધારે પોલીસ સ્ટાફના હેડ કોન્સ એચ. આર. ગોહીલ તથા પી.એમ. રાયજાદા તથા પો.કોન્સ. રાજવીરસિંહ જાડેજા તથા રામભાઈ કટારા તથા અમિતભાઈ મકવાણા તથા પ્રવિણસિંહ વાળા તથા જગદીશસિંહ ગોહીલ વિ. મળેલ બાતમી હકીકત આધારે વલ્લભીપુરના પચ્છેગામની સીમમાં બાવળની કાંટમાંથી પૈસા પાના વતી તીન પત્તીનો હારજીતનો જુગાર રમતા (૧) રહીમભાઈ ઉર્ફે ભાણો ફિરોઝભાઈ વિરાણી રહે.ચોગઠતા.ઉમરાળા(૨) રવિરાજસિંહ ઉર્ફે નાનભા ખોડુભા ગોહીલ રહે. પચ્છે ગામ તા.વલ્લભીપુ (૩) અરૂણભાઈ કરશનભાઈ પોયલા રહે. વલ્લભીપુર તા.વલ્લભીપુર (૪) રઘુભા મુળુભા ગોહીલ રહે. પચ્છેગામ તા. વલ્લભીપુર (૫) ધર્મેનદ્રભાઈ ઉર્ફે ધમો સવજીભાઈ પનારા રહે. ધોળા રેલ્વે સ્ટેશનની બાજુમા તા.ઉમરાળા (૬)ભુપતભાઈ ભાવુભાઈ દલસાણીયા રહે. કંથારીયા તા.વલ્લભીપુર (૭) નરેન્દ્રસિંહ ધર્મેન્દ્રસિંહ ગોહીલ રહે. વડોદ તા.ઉમરાળા વાળાઓ પાસેથી રોકડ રૂપીયા ૨૪,૩૬૦/- તથા ચાર મોબાઈલ ફોન કિ.રૂ. ૧૩,૫૦૦/-કુલ કિ.રૂ. ૩૭,૮૬૦/- તથા જુગારના સાહીત્ય સાથે પકડી પાડી આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારા મુજબ ગુન્હો રજી. કરેલ છે.આગળની તપાસ હેડ કોન્સ. એચ.આર. ગોહીલ ચલાવી રહેલ છે.

ધ્રાંગધ્રામાં ભાજપ કાર્યકર્તા સંમેલન યોજાયું



લોકસભાની ચુંટણી સાથે રાજયમાં ચાર વિધાનસભાની પેટા ચૂંટણીઓ યોજાવાની છે.ત્યારે ધ્રાંગધ્રા વિધાનસભાની પણ ચૂંટણી યોજાવાની છે. આજરોજ ભાજપના સ્થાપના દિન નિમિત્તે ધ્રાંગધ્રામાં પણ કાર્યકર્તાઓનું સંમેલન રાખવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ આઈ.કે.જાડેજા અનુસૂચિત જનજાતિના અધ્યક્ષ ગૌતમ ગેડિયા પ્રકાશ ભાઈ સોની ધ્રાંગધ્રા વિધાનસભા ના ભાજપના ઉમેદવાર પરસોત્તમ સાબરીયા હાજર રહ્યા હતા. આજના દિવસને યાદ કરતા કાર્યકર્તાઓ ને કહ્યું હતું કે આ પાર્ટી દ્વારા નાનામાં નાના કાર્યકર્તાઓની પાર્ટી છે. અને કોઈ પણ કાર્યકર્તા પાર્ટીનો અધ્યક્ષ છે. અને દેશના વડાપ્રધાન પણ બની શકે છે. આ પાર્ટી ના આગેવાનો દ્વારા શરુઆતમાં ખૂબ સંઘર્ષ કરવો પડ્યો છે. અને આજે પણ આ પાર્ટી માટે દેશની રક્ષા કરવી તે પહેલી ફરજ છે. અને આ પાર્ટી માં કોઈ વંશવાદ નથી. અને બધાને સાથે લઈ ને ચાલનારી પાર્ટી છે. અને આગામી ચૂંટણીમાં કેન્દ્ર અને રાજ્યની સરકાર ની વિવિધ યોજનાઓ થકી લોકો વચ્ચે જઈ અને આગામી ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર ને વિજયી બનાવી અને ફરી એકવાર નરેન્દ્રભાઈને વડાપ્રધાન બનાવવા માટે લોકોને આહવાન કરી. તેવી અપીલ કરી હતી. જયારે આઈ.કે. જાડેજા એ વધુ જણાવ્યું હતું કે પાર્ટીનું પહેલુ કામ રાષ્ટ્રીનું હીત છે. અને તેમને આજના દિવસે ડો. શ્યામા પ્રસાદ મુખરજીને યાદ કર્યા હતા. અને તેમના વિચારો કાર્યકર્તા ઓને જણાવ્યા હતા. સાથે અટલ બિહારી બાજપાઈજી, એલ.કે, અડવાણી, મુરલી મનોહર જોશી એ પક્ષ માટે કરેલ કામ અને પક્ષને આગળ લાવવા માટે તેમના પ્રયત્ન થકી આજે આ પાર્ટી મોટી બની છે. અને આગામી લોકસભાની સીટ અને ધ્રાંગધ્રા વિધાનસભા સીટ માં ભાજપના ઉમેદવાર ને વિજયી બનાવી. સાથે આપણું બુથ મજબૂત બુથ અને બુથના કાર્યકર્તાઓ કામે લાગી જવા સૂચન કરવામાં આવ્યું હતું. સાથે કોઈ વ્યક્તિ મહત્વનો નથી. પાર્ટી મહત્વની છે. માટે કોઈ વ્યક્તિ ચૂંટણી નથી જીતતો પણ પાર્ટી જીતે છે.

રાણપુરની સર્વોદય સ્કુલ ખાતે પાંચમો વાર્ષિક આનંદોત્સવ ઉજવાયો



ઉદ્યોગપતિ વિશાલભાઈ મકવાણા, પી.એસ.આઈ-એમ.જે. સાગઠીયા સહીત અનેક મહાનુભાવો હાજર રહ્યા. જ્ઞાનસરિતા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બોટાદ જીલ્લાના રાણપુરની લોકપ્રિય સર્વોદય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સ્કુલ ખાતે પાંચમો વાર્ષિક આનંદોત્સવ ઉજવાયો હતો.જેમાં વિશ્વ વિખ્યાત ટેક્ષપીન બેરીંગ્સ કંપનીના ચેરમેન અને ઉદ્યોગપતિ વિશાલભાઈ મકવાણા, રાણપુર પી.એસ.આઈ-એમ.જે. સાગઠીયા, રાણપુર એ.પી.એમ.સી.ના ચેરમેન નરેન્દ્રભાઈ દવે,બોટાદ જીલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા કનકબેન સાપરા, એડવોકેટ, જગદીશભાઈ દલવાડી, રાણપુર સરપંચ અબ્બાસભાઈ ખલાણી, A.T.V.T. સદસ્ય સુરેન્દ્રસિંહ પરમાર સહીત મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. હોશિયાર વિદ્યાર્થીઓ અને સર્વોદય સ્કુલમાં ભણેલા અને હાલ સરકારી હોદાપર ફરજ બજાવતા વિદ્યાર્થીઓનુ મહાનુભાવો ના હસ્તે શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા અલગ-અલગ પ્રકારની ૨૧ કૃતિઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રજુ કરવામાં આવેલ કૃતિઓ નિહાળી ને મહાનુભાવો સહીત દરેક લોકો આનંદવિભોર થયા હતા. પાંચમો આનંદોત્સવ કાર્યક્રમમાં રાણપુર સહીત આજુબાજુ ના ગામોમાં માંથી મોટી સંખ્યા માં લોકો હાજર રહીને કાર્યક્રમ નિહાળ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સર્વોદય સ્કુલના સંચાલક અશોકસિંહ ડોડીયા સહીત સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

ગાંધીધામ નેક્સસ ક્લબ ખાતે ભવ્ય એક્ઝિબેશનનું આયોજન કરાયું



એક્ઝિબેશનના ચીફ ગેસ્ટ તરીકે ગાંધીધામના જાણીતા ન્યુટીસીઅનનીસ્ટ અને હેલ્થ કોચ યોગા એક્સપર્ટ રીતુ કશ્યપ હાથે એક્ઝિબિશન ખુલ્લુ મુકાયું

ગાંધીધામની ફેશન પ્રિય જનતા માટે નેક્સસ ક્લબ ખાતે ભવ્ય એક્ઝિબિશન સંસ્કૃતિ ફેસ્ટિવલ મેલા નુ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જે તારીખ ૬ તથા ૭ એપ્રિલ બે દિવસ રહેસે, આ એક્ઝિબિશન ના ચીફ ગેસ્ટ તરીકે ગાંધીધામના જાણીતા ન્યુટીસીઅનનીસ્ટ અને હેલ્થ કોચ યોગા એકસપેટ (૯૦૦ કલાક) રીતુ કશ્યપના હસ્તે એક્ઝિબેશન દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લું મુકવામાં આવ્યું હતું સંસ્કૃતિ ફેસ્ટિવલ મેળામાં મોટી સંખ્યામાં એક્ઝિબિટ રો ભાગ લીધો હતો,તદન નવી અવનવી વેરાયટી જોવા મળી હતી, એક્ઝિબિશન છેલ્લા ઘણા સમયથી આયોજન કરતા સમીર સેવક, ડિમ્પલ આચાર્ય અને ઝાકીર ઠેબા, દ્વારા સુંદર મજાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેઓએ લગભગ છેલ્લા ત્રણ વર્ષમાં ૩૦ થી વધારે એક્ઝિબેસનુ આયોજન કરેલું છે આ એક્ઝિબેશનમાં લોકોનો ખૂબ જ સારો પ્રતિસાદ જોવા મળ્યો હતો આગામી દિવસમાં હજુ પણ ભવ્યાતિભવ્ય સુંદર એક્ઝિબેશન નું આયોજન કરવામાં આવશે તેવુ ડિમ્પલ આચાર્ય જણાવ્યું હતું.

કામરેજમાં ઘર નજીક ઉભેલા રત્ન કલાકારને ચપ્પુ મારી દેવાયું

ત્રણ લોકો ચપ્પુથી હુમલો કરી ફરાર

સુરત

કામરેજ-ખોલવડ ખાતે આવેલા ઓપેરા રોયલ પાસે ત્રણ અજાણ્યા ઈસમોએ રત્નકલાકાર પર ચાકુ વડે હુમલો કરી ફરાર થઈ ગયા હોવાનો બનાવ કામરેજ પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના જાસકા ગામના વતની અને હાલમાં કામરેજ-ખોલવડ ગામ ઓપેરા રોયલના એક ફ્લેટમાં રહેતાં બ્રિજેશ સતીષભાઈ પટેલ છુટક હીરાની મજૂરી કરે છે. ગતરોજ રાત્રિના સુમારે બ્રિજેશ પટેલ પોતાના એપાર્ટમેન્ટના ફ્લેટ પાસે ઉભો હતો. ત્યારે ત્રણ અજાણ્યા ઈસમોએ તેની સાથે ગાળા ગાળી કરી દાદર પરથી નીચે પાડી દઈ ચાકુ વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં બ્રિજેશભાઈ પટેલે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૨૩, ૩૨૪, ૫૦૪ તથા ૧૧૪ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પબજી તથા બ્લ્યુ વ્હેલ જેવી ગેમો રમવા સુરતમાં પ્રતિબંધ

સુરત

સુરત શહેરમાં જાહેર હિત અર્થે યુવા અને બાળકોના કુમળા માનસ પર વિપરીત અસર કરતી પબજી કે આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરતી બ્લ્યુ વ્હેલ ગેમો પર સ્પેશિયલ બ્રાંચના મદદનીશ પોલીસ કમિશનર પી.એલ. ચૌધરીએ એક જાહેરનામા દ્વારા પ્રતિબંધ જાહેર કર્યો છે.

જાહેરનામા પ્રમાણે પબજી તેમજ બ્લ્યુ વ્હેલ/ બ્લ્યુ વ્હેલ ચેલેન્જ મારફતે કયુરેટરના એડમિનિસ્ટ્રેટરના રોલ પ્લે કરવા આત્મહત્યા માટે ઈન્ટરનેટના માધ્યમથી દુષ્પ્રેરીત કરવા અથવા સાથો સાથ જે પણ વ્યકિતને કોઈપણ અન્ય વ્યકિત એવી ગતિવિધિમાં ભાગ લે છે તેવું ધ્યાને આવે તો નજીકના પો.સ્ટેશનમાં અથવા પોલીસ કંટ્રોલ રૂમમાં મૌખીક કે લેખિત જાણ કરવા જણાવાયુ છે.

જાહેર જનતાના તથા બાળકોના હિત માટે ઈન્ટરનેટ પ્રોવાઈડ કરતી તમામ મોબાઈલ કંપનીઓ તથા ગુગલ ઈન્ડિયા, ફેસબુક, વોટ્સએપ ,ઈન્સ્ટાગ્રામ, માઈક્રોસોફટ જેવી તમામ કંપનીઓએ પબજી, બ્લ્યુ વ્હેલ ચેલેન્જ ગેમ તથા તેના નામે મળતી આવતી અન્ય રમતોની કોઈ પણ લિંક પોતાની કંપની મારફતે ઉપયોગમાં લેવાતી હોય તો તે હટાવી દેવાની રહેશે. અપવાદ તરીકે ગુનાની તપાસની કામગીરી તથા શૈક્ષણિક સંશોધનના કામે કરવામાં આવતી કાર્યવાહી પર આ લાગુ પડશે નહી. આ હુકમ તા.૧૫/૦૫/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

સિંધુડો પ્રાગટ્ય દિન નિમિત્તેઃ રાણપુરમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની પ્રતિમાને ભાવાંજલિ અર્પણ કરાઈ



સ્વાતંત્ર્ય સંગ્રામ નિમિત્તે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ રચેલા દેશભક્તિના ૧૫ શૌર્ય ગીતોનો સંગ્રહ સિંધુડો ૬ એપ્રિલ ૧૯૩૦ના રોજ ધોલેરા સત્યાગ્રહના અવસરે પ્રસિધ્ધ થયો હતો.દેશપ્રેમના ૧૫ ગીતોની જાદુઈ અસર હેઠળ દેશવાસીઓ જોમ અને જુસ્સાથી સ્વાતંત્ર્ય સંગ્રામમાં શામેલ થઈ ગયા હતા. સિંધુડોના ૮૯ માં પ્રાગટ્ય દિન તથા ધોલેરા સત્યાગ્રહની ૮૯મી જન્મ જયંતી નિમિત્તે ૬ એપ્રિલ ને શનિવારે ગાંધી ચોક. શહીદ સ્મારક-ધોલેરા ,જીલ્લા પંચાયત ઐતિહાસિક રેસ્ટ હાઉસ ધંધુકા અને રાણપુર પોલીસ સ્ટેશન પાસે આવેલ મેઘાણી પ્રતિમા ખાતે પીનાકી મેઘાણી, ગોવિંદસિંહ ડાભી, રાણપુર પી.એસ.આઈ. એમ.જે. સાગઠીયા નરેન્દ્રભાઈ દવે, જીવાભાઈ રબારી, અબ્બાસ ખલાણી, ડો.ધરાબેન ત્રિવેદી, જગદીશભાઈ દલવાડી સહીત વરિષ્ટ આગેવાનોની હાજરીમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની પ્રતિમા ને ફુલહાર પહેરાવી ભાવાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



નવી સિવિલ હોસ્પિટલ રોડ ખટોદરા ખાતે ધી ન્યૂ ઓપેરા પરિવાર તરફથી શ્રી સાંઈ દરબાર આર્થે ચૈત્ર નવરાત્રિના પ્રથમ નોરતે ચડી યજ્ઞ તથા જાહેર ભંડારનું આયોજન કરવામાં આવ્યું હતું. ચંડી યજ્ઞ તથા ભંડારનો પ્રસાદ લેવા મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

નવસારીના ફાર્મમાં સામૂહિક બળાત્કાર પીડિતા યુવતીનું પોલીસે નિવેદન નોંધ્યું

પીડિતાના નિવેદનનું વીડિયો રેકોર્ડિંગ પણ કરાયું

સુરત

અમદાવાદની રહેવાસી અને બ્યુટી પાર્લરના ધંધા સાથે સંકળાયેલી એક અપરિણીત યુવતી સાથે સુરત કતારગામ આંબાતલાવડી વિસ્તારમાં રહેતા શૈલેષ પાલડીયા સહિત અન્ય આરોપીઓ દ્વારા નવસારી ખાતેના એક ફાર્મ હાઉસ ખાતે સામૂહિક બળાત્કાર કરવાના પ્રકરણમાં નવસારી ટાઉન પોલીસ મથકના પીએસઆઈ એસ.કે. ગામીતે પીડિતાનું નિવેદન વીડિયો રેકોર્ડિંગ કરી નોંધવાના ચક્રોગતિમાન કર્યા હોવાનું પીડિતાના એડવોકેટ ઝમીર શેખે જણાવ્યું હતું.

આ બનાવની વિગતો એવી છે કે, અમદાવાદમાં રહેતી એક યુવતીને સુરત કતારગામ આંબાતલાવડી વિસ્તારના હેવન બિલ્ડિંગમાં રહેતાં શૈલેષ પાલડીયા સાથે પરિચય થયો હતો. પરિચય બાદ યુવતીને બ્યુટી પાર્લરના ધંધા માટે ભાગીદારી કરી આપવાની લાલચ આપી શૈલેષે તેણીને સુરત બોલાવી હતી અને ત્યાંથી નવસારી ખાતેના એક ફાર્મ હાઉસમાં લઈ ગયા હતા અને શૈલેષ પાલડીયા, ફિયાદ, હેમલ તથા વિમલ નામના ઈસમોએ યુવતીને કેફી પીણું પીવડાવી સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો. પીડિત યુવતીએ અમદાવાદ મહિલા પોલીસ મથકમાં તેણીના સુરતના એડવોકેટ ઝમીર સેખ મારફતે બળાત્કારની ફરિયાદ નોંધાવતા પોલીસે ઝીરો નંબરથી આ સામૂહિક બળાત્કારની ફરિયાદ નવસારી ટાઉન પોલીસને મોકલાવતા પીએસઆઈ એસ.કે. ગામીતે પીડિતાનું નિવેદન વીડિયો રેકોર્ડિંગ દ્વારા નોંધવાના ચક્રોગતિમાન કર્યા હતા અને ત્યારબાદ તેણીનું મેડીકલ પરીક્ષણ કરવામાં આવશે.

ઉધના-જલગાંવ વચ્ચેનો નં. ૬ સેઢાવ ક્રોસીંગ છ મહિના માટે બંધ

સુરત

ઉધના-જલગાંવ વચ્ચેના ક્રોસીંગ નં.૬(સેઢાવ) ખાતે રેલ્વે ઓથોરીટી દ્વારા સબ-વે બનાવવાના કામે છ મહિના માટે કાયદો અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઈ બંધ કરવાનો હોવાથી આ સમયગાળા દરમિયાન વાહન વ્યવહાર સરળતાથી ચાલે અને ટ્રાફીક અવરોધ ઉભો ન થાય અને જાહેર જનતાની સલામતી જળવાઈ રહે તે માટે સુરત જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એસ.ડી.વસાવાએ એક જાહેરનામા દ્વારા ટ્રાફિકને ડાયવર્ટ કર્યો છે. જાહેરનામા અનુસાર રેલ્વે ફાટક નં.૬(સેઢાવ) ખાતે સબ-વેની કામગીરી માટે બંધ રહે તે દરમિયાન તેના વિકલ્પ તરીકે વાહન વ્યવહાર તથા લોકોની અવર-જવર ફાટક નં.૫ તથા ફાટક નં.૮ ઉપરથી જઈ શકશે. હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

પ્રિતી જોષી સહિત બે વકીલનો ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ જ્યુરીસ્ટમાં સમાવેશ

સુરતની બે મહિલા વકીલને સળંગ ચાર વર્ષ માટે સભ્ય પદ મળ્યું

સુરત

હાલમાં જ ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ જ્યુરીસ્ટ, લંડનમાં સુરતનાં ૨૫ વર્ષથી વકીલાતમાં સંકળાયેલ તથા સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયા, નવી દિલ્હીના એડવોકેટ તનથા નોટરી શ્રીમતી પ્રીતિ જિજ્ઞેષ જોષી તથા એડવોકેટ શ્રીમતી દીપિકા પી. ચાવડાને આગામી સળંગ ચાર વર્ષ માટે 'સભ્ય પદ' પ્રાપ્ત થયું. આ અગાઉ પણ ઈન્ટરનેશનલ એવોર્ડ મેળવી ચૂકેલા આ મહિલા વકીલોએ સમગ્ર વકીલ આલમનું તથા સુરત શહેર, ગુજરાત રાજ્ય અને ભારત દેશનું સન્માન વધાર્યું છે.

ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ જ્યુરીસ્ટની રજીસ્ટ્રર્ડ ઓફિસ લંડન ખાતે કાર્યરત છે. આ વકીલોની લીગલ ક્ષેત્રની કામગીરીની નોંધ લઈ તેઓને મેમ્બરશિપ અપાઈ છે. જે ગૌરવની વાત છે. હવે દેશના જ નહીં, પરંતુ વિદેશમાં વસતા ભારતીયો માટે પણ કાયદાકીય જાગૃતિનો પ્રોગ્રામો અને એનઆરઆઈ સંબંધિત વિવિધ તકરાર તથા ડિસ્પુટ અંગે પણ સેમિનારો યોજી શકાશે અને તેમાં ભાગ પણ લઈ શકાશે.

પુણા ઓટો ફાઈનાન્સ ઓફિસમાં પ્રવેશી રોકડા ૨.૫૦ લાખની ચોરી

મોઢા પર રૂમાલ બાંધેલો ચોર સીસી કેમેરામાં દેખાયો

સુરત

પુણા ઈન્ટરસીટી કોમ્પ્લેક્ષમાં આવેલી ઈશ્વર ઓટો ફાઈનાન્સની ઓફિસમાંથી અજાણ્યા વ્યક્તિએ રોકડા રૂા.૨.૫૦ લાખની ચોરી કરી હતી.

પુણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મગોબ શુભમ હાઈટ્સમાં રહેતાં ઈશ્વર જોબરાજ શાહુની પુણામાં આવેલી ઈશ્વર ઓટો ફાઈનાન્સની ઓફિસમાંથી રૂા.૨.૫૦ લાખની ચોરી થઈ હતી. સીસીટીવી ફુટેજમાં એક અજાણ્યો વ્યક્તિ મોઢા ઉપર રૂમાલ બાંધી ચોરી કરતો નજરે પડ્યો હતો. આ બનાવ તા.૫મીના રોજ રાત્રે ૨.૪૮ કલાક બાદ બન્યો હતો. પુણા પોલીસે ઓફિસના માલિક ઈશ્વર શાહુની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે અને આસપાસની જગાઓ પરથી મળેલા અન્ય સીસી ટીવી ફુટેજના આધારે પોલીસે ચોરનું પગેરૂ દબાવી તાકીદે ઝડપી પાડવા સક્રિય પ્રયાસો શરૂ કરી દીધા હોવાનું જાણવા મળે છે.

દરેક વિધાનસભા બેઠકમાં પાંચ સખી મતદાન કેન્દ્ર હશે

લોકસભાની સામાન્ય ચૂંટણી–૨૦૧૯ અંતર્ગત ભારતના ચૂંટણી પંચની સૂચનાનુસાર સુરત જિલ્લામાં સમાવિષ્ટ ૧૬ વિધાનસભા વિધાનસભા દિઠ પાંચ – પાંચ મહિલા ''સખી'' મતદાન મથક ઉભા કરવામાં આવશે. આમ સુરત જિલ્લામાં ૮૦ જેટલા સખી મતદાન મથક ઉભા કરવામાં આવશે જેમાં પાંચ અધિકારી-કર્મચારી મહિલાગણ જ સંપૂર્ણ સંચાલન કરશે.

મોરેશિયસના મંચ પર ડાન્સ રજૂ કરવા તત્પર બનેલા કલાકારો સાથે છેતરપિંડી

સુરતની નૃત્યમય એકેડમીને વડોદરાનો ઠગ બનાવી ગયો

સુરત

મોરેશિયસ ખાતે યોજાનારા હિન્દુ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે ગુજરાતની અનેક ડાન્સ ક્લાસીસના વિદ્યાર્થીઓ સાથે કરોડો રૂપિયાની ઠગાઈ કરનાર વડોદરાના ચીટર કનુ બાલાભાઈ પટેલ સામે પમ સુરત ઉમરા પોલીસ સ્ટેશને ફરિયાદ થી હતી. ઘોડદોડ રોડ ખાતે આવેલ નૃત્યમય એકેડમી ઓફ ડાન્સ સાથે રૂપિયા ૬,૯૪૦૦૦ની ઠગાઈ કરવામાં આવી હતી.

ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઘોડદોડ રોડ સીમા રો હાઉસમાં રહેતા અને ઘોડદોડ રોડ આચમન સોસાયટીમાં નૃત્યમય એકેડમી ઓફ ડાન્સ ક્લાસી ચલાવતા ચૈતાબેન ધવલકુમાર મહેતાએ આરોપી કનુ બાલુભાઈ પટેલ (કિર્તીગિમા પ્રોડક્શન, વડોદરા) વિરદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીની ડાન્સ ક્લાસીસના વિદ્યાર્થીઓને મોરેશિયસ ખાતે યોજાનારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે અને થનાર ખર્ચ મોરેશિયસ સરકાર પરત આપશે તેવો વિશ્વાસ આપી છ વિદ્યાર્થી અને ફરિયાદી ટીચર સહિતના પાસેથી રૂા.૬,૯૪૦૦૦ મેળવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

આરોપી કનુભાઈ બાલાભાઈ પટેલે ભૂજના માધાપરની નુપૂર ડાનસ એકેડમી સાથે પણ રૂા.૧૦.૨૩ લાખની ઠગાઈ થઈ હતી. જે સંદર્ભે ભૂજ બી ડિવીઝન મથકે ફરિયાદ પણ નોંધાઈ હતી અને આરોપી કનુ પટેલની ધરપકડ થઈ હતી. આરોપી કનુ પટેલે આ રીતે ગુજરાતભરમાં ડાન્સ ક્લાસીસના વિદ્યાર્થીઓ સાથે ઠગાઈ કરી કરોડો રૂપિયા પડાવી લીધા હોવાનું કહેવાય છે.

યુએઈ પરણાવેલી સુરતની યુવતીને સાસરીયાએ ત્રાસ આપી હાંકી કાઢી

શારીરિક સંબંધ માટે ના પાડનાર પરિણીતાને પતિ સતત ધમકી આપતો હતો

સુરત

યુએઈ શારજહાની સાસરીયાએ સુરતની યુવતી ઉપર દહેજ અંગે ત્રાસ ગુજારી ઘરમાંથી કાઢી મુકી હતી. પતિ દ્વારા વારંવાર ત્રાસ ગુજારાતા પરિણીતાએ શારીરિક સંબંધો બાંધવાની ના પાડી દેતા પતિએ જાનથી મારી નાંખવાની પણ ધમકી આપી હતી.

મહિલા પોલીસ સ્ટેશને પરિણીતાએ આરોપી પતિ હિરેન ચુનીલાલ સાગર (શારજહા, યુ.એઈ) લતા ચુનીલાલ સાગર, વિશ્રાંતી ચુનીલાલ સાગર (રહે. રાજકોટ), જયેશ ચુનીલાલ સાગર, જેનીફર જયેશ સાગર (મલાડ, મુંબઈ) વિરૂદ્ધ ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીના લગ્ન શારજહામાં રહેતા હિરેન સાગર સાથે થયા હતા. લગ્નના એક માસ બાદ દહેજ અંગે સાગર પરિવારે ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું. જેથી ફરિયાદીએ પતિને શારીરિક સંબંધો બાંધવાની ના પાડતા પતિ હિરેને મારઝુડ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તેમજ ફરિયાદી પત્નિને આરોપી પતિ હિરેનને છેતરીને બહેનની સગાઈના બહાને યુએઈથી સુરત મોકલી આપી ઘરમાંથી કાઢી મુકી હતી. મહિલા પોલીસે પરિણીતાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

બેન સાથે ઝઘડો કરનારે ભાઈને ચપ્પુ મારી દીધું

સુરત

બહેન સાથે ઝઘડો કરનારને સમજાવવા જતા ભાઈ ઉપર ચપ્પુથી હુમલો કરવા અંગે વરાછા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી ચપ્પુથી હુમલો કરનાર આરોપીને ઝડપી પાડવાના પ્રયાસો શરૂ કરી દીધા છે. વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આરોપી દિપક ઓમકારે (સોનિયા નગર, સહારા દરવાજા)ની ફરિયાદી પિયુષ ધનજી ગજેરાની બહેન સાથે ઝઘડો કર્યો હતો. જે બાબતે પરિયાદી ઝઘડો કરનાર દિપકને સમજાવવા જતા આરોપી દિપકે ચપ્પુથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે વરાછા પોલીસે ફરિયાદ નોંધી હતી.

ચૂંટણીમાં સમય અને કાગળ બચાવતું ઈ.વી.એમ. એટલે કે ઈલેકટ્રોનિક વોટિંગ

પારદર્શક, ન્યાયી, મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી માટે ચૂંટણી પંચ દ્વારા વીવીપેટનો ઉપયોગ

મતદાતા દ્વારા 'તમામ ઉમેદવારો'ને નકારવાનો અધિકાર આપતું નોટા લોકસભા ચૂંટણી માટે આગામી તા. ૨૩મી એપ્રિલે ગુજરાત કરશે મતદાન

સુરત

લોકસભાની ચૂંટણી આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે મતદાન માટે ઉપયોગમાં લેવાતા ઈ.વી.એમ. (EVM) એટલે કે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન વિષે જાણવું જરૂરી છે. ઈ.વી.એમ.થી મતદાન શરૂ થયું એ પહેલા બેલેટ પેપરથી મતદાન કરવામાં આવતું હતું. અગાઉ બેલેટ પેપરથી મત ગણતરી કરવામાં ૪૦ કલાક જેટલો સમય લાગતો, પરંતુ ઈવીએમની મદદથી આ કામગીરી માત્ર ત્રણથી પાંચ કલાકમાં જ પૂર્ણ થઈ જાય છે. કાગળનો ઉપયોગ ન થતો હોવાથી તેને 'ઈકો-ફ્રેન્ડલી' વિકલ્પ માનવામાં આવે છે. આજના ડિજીટલ-આધુનિક સમયમાં ઈ.વી.એમ.થી ઝડપી મતદાન અને મતગણતરી કરવામાં સરળતા રહે છે.

ચાલો, ઈ.વી.એમ.ની પ્રાથમિક જાણકારી મેળવીએ. ઈ.વી.એમ.માં લગભગ બે હજાર મત નાખી શકાય છે. ફરજ પરના બૂથ લેવલ ઓફિસર કંટ્રોલ યુનિટ પરથી બટન દબાવે, તે પછી જ મતદાન થઈ શકે છે. બેટરીથી ચાલતા ઈવીએમને આપાતકાલીન સંજોગોમાં તે મતદાનને અટકાવવા માટે લોક પણ કરી શકે છે. ઈ.વી.એમ.માં કુલ ૬૪ ઉમેદવારોનાં નામ (અને તસવીર પણ)ને સામેલ કરી શકાય છે. ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ-BHEL (બેંગ્લુરુ) અને ઈલેક્ટ્રોનિક્સ કૉર્પોરેશન ઑફ ઈંડિયા-ECI (હૈદરાબાદ) દ્વારા તેનું નિર્માણ કરવામાં આવે છે. ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનને હેક કરી શકાય છે, તથા તેની સાથે ચેડાં થઈ શકે છે, તેવી અફવાઓની સામે ચૂંટણી પંચે સમયાંતરે ઈ.વી.એમ.ની વિશ્વ સનીયતા પૂરવાર કરી છે.

ચૂંટણી પંચના નિર્દેશ મુજબ ઈવીએમનો ડેટાની બહારની વ્યક્તિ સાથે ક્યારેય આપ-લે થઈ શકે નહિ. તમામ તબક્કાનું મતદાન પૂર્ણ ન થઈ જાય, ત્યાં સુધી ઈવીએમ (ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન)ને સીસીટીવી, કેન્દ્રીય સુરક્ષાબળ અને બહુસ્તરીય સુરક્ષાની વચ્ચે સીલબંધ રૂમમાં સુરક્ષિત રીતે સાચવી રાખવામાં આવે છે. કેન્દ્રીય ચૂંટણી પંચના નિર્દેશ પ્રમાણે, અંતિમ તબક્કાનું મતદાન પૂર્ણ થાય, તે પછી જ અખબારો અને ન્યુઝ ચેનલો એક્ઝીટ પોલ્સ બહાર પાડી શકે છે. અંતિમ તબક્કાના બેથી ત્રણ દિવસની અંદર મતગણતરી હાથ ધરવામાં આવે છે.

વીવીપેટ એટલે શું?

VVPAT એટલે વોટર વેરિફાયેબલ પેપર ઑડિટ ટ્રેલ. ઈવીએમ મશીનની સાથે મતકુટીરમાં વીવીપેટ નામનું બોક્સ જેવું યુનિટ જોડેલું હોય છે. જેમાંથી મતદાતા મત આપે તે પછી કાગળની ચિઠ્ઠી નીકળે છે. એક રીતે તેને આપણે મત આપ્યો તેની 'રસિદ કે પહોંચ' ગણી શકાય. ઉમેદવારનું નામ તથા તેનું ચૂંટણી ચિહ્ન તેની ઉપર છપાયેલાં હોય છે. મતદાર આ રસીદને આધારે તેણે કોને મત આપ્યો એ જોઈ શકે છે. હશે. જ્યારે મતદાર પસંદગીના ઉમેદવારના નામ સામેનું બટન દબાવે ત્યારે વીવીપેટ મશીનની સ્કીનમાં સફેદ લાઈટ થવાની સાથે સ્કીનમાં એક કાપલીમાં એ ઉમેદવારનું નામ, નિશાન હોય છે, જેની સામે મતદાતાએ બટન દબાવ્યું હશે. લગભગ સાત સેકંડ સુધી આ કાપલી જોઈ શકાય છે. વર્ષ ૨૦૧૪માં ૧૬મી લોકસભાની ચૂંટણી દરમિયાન ગાંધીનગરમાં પ્રથમ વખત VVPATનો ઉપયોગ થયો હતો. વર્ષ ૨૦૧૭માં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં વીવીપેટનો ઉપયોગ કરાયો હતો. જેમાં દરેક વિધાનસભા બેઠકમાંથી એક મશીનમાંથી આવેલાં પરિણામ અને VVPAT માં જમા થયેલી પહોંચને સરખાવવામાં આવી હતી. પારદર્શક, ન્યાયી, મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી માટેનું આ ચૂંટણીપંચનું પગલું છે.

મત કોઈને પણ નહિ(નોટા) શું છે?

સપ્ટેમ્બર-૨૦૧૩માં સુપ્રિમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે મતદાતાને 'તમામ ઉમેદવારો'ને નકારવાનો અધિકાર મળવો જોઈએ. જેના પગલે NOTA (None Of The Above)નો વિકલ્પ આપવામાં આવ્યો હતો. મતદારને કોઈ પણ ઉમેદવાર યોગ્ય લાગતો ના હોય તો તે નોટાનો ઉપયોગ કરી શકે છે.

બેલેટ પેપર દ્વારા મતદાન વખતે મતદાતા પ્રિસાઈડિંગ ઑફિસર પાસેથી ફોર્મ ૧૭–અ ભરીને 'કોઈ નહીં'નો વિકલ્પ વાપરી શકતો હતો. નોટાનો લોગો અમદાવાદની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો છે. ઈવીએમના નિશાનની ઉપર 'X'નું નિશાન એ તેનો સિમ્બોલ છે. ફિનલૅન્ડ, સ્પેન, સ્વીડન, ચીલી, બેલ્જિયમ, ગ્રીસ અને ફ્રાન્સ જેવા દેશોમાં ચૂંટણીમાં મતદાતાને નોટાનો વિકલ્પ મળ્યો છે.

ઉમેદવાર માટે આદર્શ આચારસંહિતા

ચૂંટણી કાર્યક્રમની જાહેરાતની સાથે આદર્શ આચારસંહિતા એટલે કે મોડેલ કોડ ઓફ કંડકટ અમલમાં આવી જાય છે. જેમાં, ચૂંટણીપંચના નિર્દેશ મુજબ:

કોઈ પણ ઉમેદવાર જ્ઞાતિ-જાતિ કે કોમની લાગણીઓને ઉશ્કેરે તેવી ભાષા ન વાપરી શકે અને તેના આધારે મતદાતાને આકર્ષવાનો પ્રયાસ ન કરી શકે.

મંદિર, મસ્જિદ કે ચર્ચ જેવા ધાર્મિક સ્થળોનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે ન કરી શકે.

મતદાતાને મત આપવા માટે 'પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ' રીતે 'નાણાકીય કે અન્ય કોઈ રીતે' મત આપવા માટે લાલચ ન આપી શકે.

મતદાન સમાપ્ત થાય તેના ૪૮ કલાક પહેલા ચૂંટણી પ્રચારના પડઘમ શાંત પડી જાય છે. આ ગાળા દરમિયાન ઉમેદવાર 'ડોર-ટુ-ડોર' પ્રચાર કરી શકે છે. પરંતુ સામૂહિક પ્રસાર-પ્રસારના માધ્યમો ઉપર જાહેરાત ન આપી શકે.

સરકાર માટે આદર્શ આચારસંહિતા

કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર મતદારોને 'આકર્ષિત' કે 'પ્રભાવિત' કરી શકે તેવી જાહેરાત ન કરી શકે. લોકહિતની કોઈ યોજનાનું લોકાર્પણ, ખાતમુહૂર્ત ન કરી શકે.

સરકારી પદાધિકારી ઓની જાહેરખબરો અને તેની યોજનાઓની પ્રચાર સામગ્રી જાહેરમાંથી હટાવી દેવામાં આવે છે.

સત્તામાં રહેલો પક્ષ સરકારી સંસાધનોનો ઉપયોગ પક્ષના ચૂંટણી પ્રચાર અભિયાન દરમિયાન ન કરી શકે. 'સરકારી અને પ્રચારના કામ' એકસાથે ન કરી શકે.

તંત્રી સ્થાનેથી...

રોજગારી આંકની દુવિધા

લોકસભાની ચૂંટણી માટે તખ્તો ગોઠવાઈ ગયો છે. આક્રમક પ્રચારમાં રાજકીય પક્ષો લાગેલા છે. આ ચૂંટણીમાં રોજગારીનો મુદ્દો પણ છવાયેલો રહે તેમ માનવામાં આવે છે. ભાજપ પ્રમુખ અમિત શાહે કહ્યુ છે કે રોજગારની કોઇ કમી નથી પરંતુ આંકડાની દુવિધા છે આંકડા મળી રહ્યા નથી. રોજગારીને લઇને ભારતમાં હમેંશા ચર્ચા રહે છે. પુરતી સંખ્યામાં લોકોને રોજગારી મળી રહી નથી તેને લઇને ફરિયાદ ઉઠી રહી છે. સરકાર માને છે કે રોજગારી વધારી દેવાના પ્રયાસો થઇ રહ્યા છે. બીજી બાજુ સામાન્ય લોકો માને છે કે આ ક્ષેત્રમાં વધારે ધ્યાન આપવાની જરૂર છે. કોઇ નિષ્ફળતાને છુપાવવા માટે કલા અમારા રાજનેતાઓ પાસેથી જ શિખવા જેવી છે. જે વચન પાળી શકતા નથી તે બાબતોને પણ ખુબ જ વિનમ્રતા સાથે સ્વીકાર કરવાના બદલે કોઇને કોઇ રસ્તો શોધી કાઢે છે. લોકસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવે તે પહેલા આપવામાં આવેલા એક ઇન્ટરવ્યુમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખુબ કુશળતા આ મુદ્દે દર્શાવી હતી. મોદી માને છે કે દેશમાં રોજગારીની તક તો ઉભી થઇ રહી છે. જો કે સરકાર પાસે તેના આંકડા નથી. સવાલ એ છે કે દેશમાં આજે દરેક ચીજોના આંકડા રહેલા છે ત્યારે નોકરીના આંકડા એકત્રિત કરવામાં સમસ્યા શુ આવી રહી છે. આ વર્ષે રેલવેમાં ૯૦ હજાર નોકરી માટે બે કરોડ ૮૦ લાખ દાવેદારોએ ફોર્મ ભર્યા હતા. એટલે કે એક સીટ માટે આશરે ૩૦૦ દાવેદાર રહ્યા હતા. દરેક પ્રકારની ભરતીની સ્થિતી હાલમાં એવી જ રહેલી છે. ચોથા વર્ગના કર્મચારીની એક જગ્યા માટે ૩૦૦-૪૦૦ ફોર્મ આવવાની બાબત સામાન્ય બાબત છે. આ સ્થિતી રોજગારીની તકની કમી તરફ સ્પષ્ટ ઇશારો કરે છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લાગે છે કે બેરોજગારીના મુદ્દાપર વિરોધ પક્ષો તેમને બિનજરૂરી રીતે ઘેરે છે. આ સવાલ વિપક્ષનો નથી પરંતુ દેશનો છે કે નોકરીની તક કેમ ઝડપથી ઉભી થઇ રહી નથી. દેશના કરોડો લોકો આ પ્રશ્ન કરી રહ્યા છે. ચૂંટણી પહેલા મોદી તેમની સભામાં પાંચ વર્ષમાં ૧૦ કરોડ લોકોને રોજગારી આપવાની વાત કરી રહ્યા હતા. સરકારને હવે આસંબંધમાં હિસાબ આપવાની જરૂર છે. સરકારને આ બાબતનો હિસાબ આપવાની જરૂર છે કે છેલ્લા ચાર વર્ષના ગાળામાં કેટલા યુવાનોને રોજગારીની તક આપવામાં આવી છે. કેટલાને રોજગારી મળી ગઇ છે. આંકડા નહીં હોવાની વાત કરીને મોદીએ દેશના લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કર્યા છે. મોદીએ દેશને પારદર્શી સરકાર આપવાની પણ વાત કરી હતી. પારદર્શી સરકારનો અર્થ છે કે જે પણ કામ કરવામાં આવે તે તમામ કામોને પ્રજાની સમક્ષ રજૂ કરવામાં આવે. આ રાજકીય પેંતરાબાજીનો નહીં બલ્કે વિશ્વસનીયતોનો પ્રશ્ન છે. જ્યાં યોગ્ય લાગે ત્યા આંકડા આપીને પ્રશંસા મેળવી લેવાની બાબત યોગ્ય નથી. જ્યારે નિષ્ફળતા મળે ત્યાં આંકડા નથી તેમ કહીને જવાબદારીમાંથી છુટી જવાય નહી. જનભાવનાની સાથે ચેડા કરવાની બાબત યોગ્ય નથી.

તમામ ચીજોના આંકડા મળી રહ્યા છે તો રોજગારીના આંકડા કેમ મળી રહ્યા નથી

ચૈત્ર નવરાત્રિનુ ખાસ મહત્વ

ચૈત્ર નવરાત્રિનો પ્રારંભ થઇ ગયો છે. શ્રદ્ધાળુઓ ભક્તિમાં ડુબી ગયા છે. ચૈત્રી નવરાત્રિ હવે ૧૪ એપ્રિલ સુધી ચાલવાની છે. શાસ્ત્રોમાં પણ ચૈત્ર નવરાત્રિનો પણ તેનું વિશેષ મહત્વપૂર્ણ વર્ણવવામાં આવ્યું છે. કારણકે ચૈત્ર નવરાત્રિથી નવા વર્ષના પંચાંગની ગણના શરૂ થઇ જાય છે. નવરાત્રિના પહેલા દિવસે ઘટ સ્થાપના કરાય છે અને તે બાદ ચૈત્ર નવરાત્રિ ૮ દિવસની છે. કારણકે સપ્તમી અને અષ્ટમી તિથિ એક સાથે છે. એવામાં પૂજા અર્ચના સિવાય પણ કેટલાક એવા કામ હોય છે. જેનું નવરાત્રિના દિવસે ખૂબ ધ્યાન રાખવું જોઇએ. નવરાત્રિના દિવસને ખૂબ શુભ માનવામાં આવે છે આ દિવસોમાં કરવામાં આવેલા દરેક કામ સફળ થાય છે. આ કારણથી આ દિવસોમાં ગૃહ પ્રવેશ, માંગલિક કાર્ય અને સોનું ચાંદી ખરીદવું ખૂબ શુભ હોય છે. કહેવાય છે નવરાત્રિના દિવસે માતાને અત્તર અર્પિત કરવા જોઇએ અને માં દુર્ગાને અત્તર અર્પિત કર્યા બાદ તે અત્તરને માનો આશીર્વાદ સમજીને તેનો ઉપયોગ કરવો જોઇએ તેનાથી લાભ થાય છે. નવરાત્રિના દિવસે મા તમાર ઘરે મહેમાન બનીને આવે છે આ કારણથી નવરાત્રિના દિવસે વ્રતમાં તમે તમારા માટે જે બનાવો છો તેનો મા દુર્ગાને પહેલા ભોગ લગાવો અને તે સિવાય ઘરમાં આવનાર મહેમાનો પણ જમાડ્યા વગર જવા ન દો. જો પરિવારમાં કોઇ સદસ્ય બીમાર છે તો નવરાત્રિમાં શિવલિંગ પર કાળા તલ અને જળ અર્પિત કરવા જોઇએ, તેનાથી પરિવારના લોકોના દરેક કષ્ટ દૂર થઇ જાય છે. ચૈત્રી નવરાત્રિ દરમ્યાન નવ દિવસ માં ઇભકતો ભારે તપ, ભકિત અને આરાધના કરી માતાજીને પ્રસન્ન કરી તેમના કૃપા-આશીર્વાદ મેળવતા હોય છે.

કેટલાક ખાસ તરીકા અજમાવી લેવાથી વજન ઘટી શકે છે...

ચૈત્ર નવરાત્રી : સાવધાની જરૂરી છે



ભલે નવરાત્રીમાં વ્રતવાળા ભોજન અને ફળનો ઉપયોગ કરવામાં આવે છે પરંતુ કેટલીક ચીજો આમાં પણ એવી છે જેનાથી વજન તો વધી શકે છે

ચૈત્રી નવરાત્રીની આજે શરૂઆત થઇ ચુકી છે. નવરાત્રી ઉત્સવ હવે નવ દિવસ સુધી ચાલનાર છે. પરંતુ આ નવ દિવસ દરમિયાન પણ કેટલીક સાવચેતી રાખીને અને કેટલાક તરીકા અજમાવીને વજન ઘટાડી શકાય છે. જો કે જાણકાર લોકો કહે છે કે આ નવ દિવસ દરમિયાન પોતાના ખાવા પીવાને લઇને વધારે સાવધાન અને એલર્ટ રહેવાની જરૂર છે. કારણ કે આ દિવસોમાં જે ચીજોનો ઉપયોગ કરીશુ તેના કારણે વજન વધી શકે છે. સાથે સાથે વજન ઘટી પણ શકે છે. ભલે નવરાત્રીમાં વ્રતવાળા ભોજનનો ઉપયોગ કરવામાં આવે છે પરંતુ તેમાં પણ કેટલીક ચીજો એવી છે જેના કારણે વજન વધી શકે છે. હાલમાં જ કહી દેવામાં આવ્યુ છે કે નવરાત્રીના દિવસોમાં કઇ ચીજોનો ઉપયોગ કરવામાં આવે. નવરાત્રીના નવ દિવસ દરમિયાન કઇ ચીજો ઉપયોગી બની શકે છે તેની વાત કરવામાં આવે તો કહી શકાય છે કે સાવચેતી જરૂરી બને છે. નવરાત્રીના ગાળામાં અમે ચિપ્સ અને તળેલ ચીજો આડેધડ ખાતા હોઇએ છીએ પરંતુ આ ચીજોમાં ખુબ ફેટ હોય છે. તેમાં પૌષક તત્વોની અછત હોય છે. જેથી ઉપવાસના દિવસોમાં તળેલી ચીજોનો ઉપયોગ શક્ય હોય તો ટાળવામાં આવે તે જરૂરી છે. નવરાત્રીના ગાળામાં ભરપુર પ્રમાણમાં પાણી પીવામાં આવે તે પણ જરૂરી છે. વ્રતના દિવસોમાં મિઠુ હોય તેવી ચીજોનો ઉપયોગ કમ કરવામાં આવે તે જરૂરી છે. જેના કારણે અમે પાણીનો ઉપયોગ પણ ઓછો કરીએ છએ. જેના કારણે પાણીની કમી થઇ શકે છે. આ સમસ્યાને ટાળવા માટે પાણી ભરપુર પ્રમાણમાં પીવામાં આવે તે જરૂરી છે. પાણી ઉપરાંત પ્રવાહી ચીજોનો ભરપુર ઉપયોગ કરવાની જરૂર હોય છે. જેમાં છાશ, લસ્સી અને સુપનો સમાવેશ થાય છે. સામાન્ય દિવસોમાં ભલે દરરોજ કસરત કરતા હોય પરંતુ વ્રતના દિવસોમાં દરરોજ કસરત કરવામાં ન આવે તે જરૂરી છે. કસરત કરવાના કારણે વધારે થાકની સાથે સાથે વધારે ભુખ લાગી શકે છે. વ્રત અથવા તો ઉપવાસના દિવસોમાં અમે સામાન્ય રીતે માર્કેટમાંથી ફુડ આઇટમ લઇ આવીએ છીએ. જાતે બનાવવાની ઝંઝટ રહેશે નહીં તેમ વિચારીએ છીએ. પરંતુ આવી ઉદાસીનતા અને સહેજમાં આળસથી ખતરનાક પરિણામ મળી શકે છે. બજારમાં ઉપલબ્ધ રહેલી તળેલી ચીજો અને ચિપ્સ ખાવાના બદલે ઘરમાં જ ડ્રાઇ રોસ્ટ કરીને ખાવામાં આવે તે જરૂરી છે. ચા ભલે મિનિટોના ગાળામાં ફ્રેશ કરે છે પરંતુ હેલ્થને ધ્યાનમાં લેવામાં આવે તો ગ્રીન ટીનો ઉપયોગ કરવાની સલાહ લેવાની જરૂર હોય છે. ડ્રિન્કસમાં દહી, દુધ અને છાશ વધારે પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો લાભ થાય છે. વેજિટેબલ્સમાં સીતાફળ, જેવી ચીજોનો ઉપયોગ કરવાની જરૂર હોય છે. કાકડી, બટાકા અને ખીરાના સલાડનો ઉપયોગ કરી શકાય છે. સ્ટ્રોબેરી ડ્રેસિંગની સાથે સાથે ફળના સલાડથી પણ રાહત થાય છે. નવરાત્રીના દિવસોમાં કેટલાક લોકો પોતાની રીતે ડાઇટ પ્લાન કરી શકે છે. જેમાં કે છાશ, અથવા લસ્સી અને કેટલાક પ્રમાણમાં ફળ લઇ શકાય છે. બીજા દવસે ફ્રુટ સલાડ અને ગ્રીન ટીનો ઉપયોગ કરી શકાય છે. દરેક દિવસે ડાઇટ પ્લાન કરવાના કારણે ચાલવાથી ફાયદો થઇ શકે છે. કેટલાક ચોક્કસ તરીકા અજમાવીને વજન ઘટાડી શકાય છે. સગર્ભા મહિલાઓ પણ ઉપવાસ કરી શકે છે. નવરાત્રીના ગાળા દરમિયાન કેટલાક શ્રદ્ધાળુઓ તો તમામ દિવસે ઉપવાસ રાખે છે. સગર્ભા મહિલાઓએ ઉપવાસ કરવા જોઇએ કે કેમ તેને લઇને નિષ્ણાંતોમાં ચર્ચા રહી છે. આ પ્રશ્ન એટલા માટે પણ થાય છે કે સગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓને વધારે પૌષણ તત્વોની જરૂર હોય છે. જેથી આવી સ્થિતીમાં જરૂર હોય છે કે ગર્ભવતી મહિલાને સારી ડાઇટ લેવાની જરૂર હોય છે. કોઇ પણ પ્રકારના પૌષણ તત્વોની કમી ન હોય તે જરૂરી છે. તબીબો સાફ શબ્દોમાં કહે છે કે નવરાત્રીમાં ઉપવાસ દરમિયાન માતાને જે રીતે અસર થાય છે તેના કારણે ગર્ભમાં રહેલા બાળક પર પણ અસર થાય છે. હેલ્થ નિષ્ણાંતો કહે છે કે સંપૂર્ણ પણે સ્વસ્થ રહેલી સગર્ભા મહિલાઓનવરાત્રી ઉપવાસ કરી શકે છે. સાથે સાથે કેટલીક સાવધાની રાખી શકાય છે.ચૈત્રી નવરાત્રીને લઇને શ્રદ્ધાળુઓ હવે ભક્તિમાં ડુબી ગયા છે.

શુગર લો થવાની સ્થિતીમાં આંખની આગળ અંધેરા આવે છે...

લો શુગર લેવલ ખતરનાક બની શકે



લો શુગરની તકલીફને ટાળવા માટે વધારે સમય સુધી ભુખ્યા ન રહેવા માટે નિષ્ણાંત તબીબો દ્વારા સ્પષ્ટ સલાહ આપવામાં આવી

બ્લડ શુગર ઘટી જવાનો ખતરો માત્ર ડાયાબિટીસના દર્દીઓને જ રહેતો નથી બલ્કે સ્વસ્થ વ્યક્તિને પણ બ્લડ શુગર ઘટી જવાનો ખતરો રહે છે. શુગર અથવા તો ગ્લુકોઝ અમારા શરીરમાં એનર્જીના મુખ્ય સોર્સ તરીકે રહે છે. આ શુગર બ્લડની સહાયથી અમારા શરીરના જુદા જુદા હિસ્સા સુધી પહોંચે છે. એટલે કે બ્લડ શુગર અમારા શરીરની મુળભૂત જરૂરીયાત તરીકે છે. શરીરમાં બ્લડશુગરનુ પ્રમાણ વધી જાય તો પણ ખતરનાક છે અને ઘટી જાય તો પણ ખતરનાક છે. બ્લડ શુગર ઘટી જવાની સ્થિતીને હાઇપોગ્લાઇસેમિયા કહે છે. લો બ્લડ શુગરના કારણે કિડની ડિસઓર્ડર, હેપેટાઇટિસ, માનસિક સંતુલન ગુમાવવાની બાબત અને બેચેની થાય છે. ચક્કર આવવા જેવી સમસ્યા થાય છે. આના કારણે આંખોની આગળ અંધારા આવી જાય છે. લો બ્લડ શુગર માટેની સમસ્યાના કેટલાક કારણો રહેલા છે. જે પૈકી લક્ષણને જાણીને સરળ રીતે ધ્યાન આપી શકાય છે. આના લક્ષણ પૈકી એક લક્ષણ એ છે કે ભોજન લીધા બાદ પણ જો પેટ ખાલી છે અને એકાએક તીવ્ર ભુખ લાગી જાય તો તે આ બાબતના સંકેત છે કે શરીરને વધારે પ્રમાણમાં ગ્લુકોઝની જરૂર છે. ખરાબ ઉંઘ માટેના કારણમાં હાઇપોગ્લાઇસેમિયા તકલીફ છે. જો રાત્રી ગાળામાં પરસેવો આવે છે. સપના આવે છે. બેચેની થાય છે તો તે તમામ બ્લડ શુગરના લો થવાના સંકેત છે. એકાએક મુડ બદલાઇ જવાની બાબત પણ અથવા તો મુડ સ્વીગ્સ થવાની બાબત પણ લો શુગર લેવલના સંકેત આપે છે. જો આપને એવુ લાગે છે કે આપના વર્તનમાં એકાએક પરિવર્તન આવી ગયુ છે તો તે લો બ્લડ શુગરના સંકેત છે. એકાએક બેચેની લાગે તો પણ તે આના સંકેત તરીકે છે. તે શરીરમાં ગ્લુકોજની કમીના સૌથી પહેલા અને સામાન્ય લક્ષણ તરીકે રહે છે. કેટલીક વખત જ્યારે વધારે સમય સુધી અમે ભુખ્યા રહીએ છીએ ત્યારે શરીરમાં ગ્લુકોઝનુ લેવલ ખુબ ઓછુ થઇ જાય છે. આવી સ્થિતીમાં ચક્કર આવવા અને આંખોની સામે થોડાક ક્ષણ માટે અંધારા આવી જવાની બાબત દેખાય છે. શુગરના સોર્સ તરીકે ખાંડ ઉપરાંત અન્ય ચીજો પણ છે. જેને રોજ લેવામાં આવે છે. બેકરી પ્રોડક્ટસ, ડ્રિન્ક્સ , પ્રોસેસ્ડ ફુડ્સમાં પણ શુગરનુ પ્રમાણ જોવા મળે છે. અમેરિકી ડાયાબિટીસ એસોસિએશનના કહેવા મુજબ એક સ્વસ્થ પુરૂષને એક દિવસમાં ૩૭.૫ ગ્રામ અથવા તો નવ ચમચી કરતા વધારે પ્રમાણમાં શુગરનો ઉપયોગ કરવો જોઇએ નહી. સ્વસ્થ મહિલાને એક દિવસમાં ૨૫ ગ્રામ અથવા તો છ ચમચી કરતા વધારે ખાંડનો ઉપયોગ કરવો જોઇએ નહીં. શુગર લો થવાની સ્થિતીમાં આંખની સામે અંધારા આવી જાય છે. આનાથી બચવા માટે જરૂરી છે કે વધારે સમય સુધી ભુખ રાખવામાં ન આવે. લો બ્લડ શુગરની સપાટીને લઇને નિષ્ણાંતો જુદા જુદા અભિપ્રયા આપે છે. ડાયાબિટીસના દર્દીઓને પણ આ તકલીફ વધારે રહે છે. જો કે સામાન્ય સ્વસ્થ વ્યક્તિને પણ આ તકલીફ હોઇ શકે છે. ફ્યુઅલ તરીકે ઉપયોગ કરવા માટે જ્યારે શરીરમાં પુરતા પ્રમાણમાં શુગરનુ પ્રમાણ હોતી નથી ત્યારે આ સમસ્યા સર્જાય છે. ડાઇટ, મેડિકેસન અને કસરતના કારણે પણ આ તકલીફ થઇ જાય છે. જો સારવાર સમય પર કરવામાં ન આવે તો કેટલાક ગંભીર પરિણામ આવી શકે છે. ધ્યાન કેન્દ્રિત કરવામાં તકલીફ થઇ શકે છે. રાત્રી ગાળા દરમિયાન ખરાબ સપના આવે છે. આ પ્રકારની તકલીફ ધરાવનાર વ્યક્તિને વહેલી તકે નિષ્ણાંત તબીબોનો સંપર્ક કરવાની જરૂર હોય છે અને યોગ્ય સારવાર લેવાની જરૂર હોય છે. લો બ્લડ શુગરની સાથે સાથે હાઇ બ્લડ શુગરની સમસ્યા પણ ખતરનાક છે. આમાં પણ દર્દીને સાવધાની રાખીને તબીબોની નિયમિત સલાહ લેવી જોઇએ. શરૂઆતી લક્ષણ દેખાયા બાદ તરત ધ્યાન આપીને સમસ્યાનો નિકાલ લાવવામાં આવે તે જરૂરી છે. આવી તકલીફમાં વ્યક્તિ દુવિધાભરી સ્થિતીમાં પણ કેટલીક વખત નજરે પડી શકે છે. લો બ્લડ શુગરની તકલીફને કેટલાક નિષ્ણાંતો ગંભીર ગણે છે. આના કારણે અન્ય તકલીફ વધી શકે

આઇવીએફ ટેકનિકમાં પોતાના એગ્સનો ઉપયોગ કરવામાં આવે છે

આઇવીએફ ટેકનિકનો ઉપયોગ વધ્યો



મોટી વયમાં માતા બની શકાય છે : આઇવીએફ ટેકનિકમાં ડોનરના એગ્સનો ઉપયોગ કરવામાં આવે છે : ફર્ટિલિટી વય પર આધાર રાખે છે

જો તમે બીજી વખત માતા બનવા માટે ઇચ્છુક છો અથવા તો પ્રથમ વખત બાળકને જન્મ આપવા માટે ઇચ્છુક છો પરંતુ આપની વય ૫૦ વર્ષથી વધુની છે તો આને લઇને હેરાન કે પરેશાન થવાની જરૂર નથી. સાથે સાથે હતાશ થવાની પણ જરૂર નથી. કારણ કે હવે તમે ૫૦ વર્ષની વયમાં પણ માતૃત્વ સુખ હાંસલ કરી શકાય છે. ૫૦ વર્ષની મહિલાઓ માટે આ વય એક એવી વય છે જેમાં મોટા ભાગની મહિલાઓમાં મેનોપોઝ શરૂ થઇ જાય છે. આવી સ્થિતીમાં માતા બનવાની બાબત લગભગ ખતમ થઇ જાય છે. પરંતુ હવે સારી ટેકનોલોજી અને વૈજ્ઞાનિક શોધના કારણે ૫૦ વર્ષની વયની મહિલાઓને પણ નિરાશ થવાની જરૂર નથી. ટેકનોલોજીના કારણે આટલી વયમાં પણ સફળતાપૂર્વક બાળકને જન્મ આપી શકાય છે. દિલ્હીના ફોર્ટિસ લાફેમની ઓબ્સ્ટેટ્રિક્સ અને ગાઇનેકોલોજીના વરિષ્ઠ તબીબનુ કહેવુ છે કે જો તમે ૩૦ વર્ષની વયમાં બાળકને જન્મ આપવા માટે પ્લાલિંગ કરો છો તો પ્રેગ્નન્સીની શક્યતા વધારે રહે છે. અલબત્ત મોટી સંખ્યામાં મહિલાઓ હવે મોટી વયમાં માતા બની રહી છે. ૪૦થી ૫૦ વર્ષની વયમાં માતા બનવાન બાબત મુશ્કેલ ચોક્કસપણે છે પરંતુ અશક્ય નથી. જો કે ડોક્ટર નિષ્ણાંતો કહે છે કે મોટી વયમાં માતા બનવા આડે કેટલીક અડચણો રહેલી છે. મોટી વયની મહિલાઓમાં સગર્ભાવસ્થા દરમિયાન આરોગ્ય સાથે સંબંધિત કેટલીક તકલીફ ઉભી થાય છે. કેટલાક જોખમ સામેલ રહેલા છે. દાખલા તરીકે જે જોખમ રહે છે તેમાં જેસ્ટેશનલ ડાયાબિટીસ, હાઇપરટેન્શનની તકલીફ રહે છે. હવે ટેકનોલોજી અને મેડિકલ સાયન્સ દ્વારા એટલી પ્રગતિ કરવામાં આવી ચુકી છે કે કેટલીક અશક્ય બાબતો પણ શક્ય બની છે. હવે ટેકનોલોજીના કારણે મોટી વયમાં પણ માતા બનવાની બાબત દેખાઇ રહી છે. ૪૦ વર્ષની વયમાં ત્રણ તરીકાથી સાથે સગર્ભા બની શકાય છે. આ ત્રણેય તરીકાનો ઉપયોગ કરીને સફળતા હાંસલ કરી શકાય છે. જો કે ત્રણેયમાં પોતાની મર્યાદા છે. સફળતાના રેટ પણ જુદા જુદા રહેલા છે. કુદરતી રીતે ગર્ભધારણ કરી શકાય છે. જ્યારે ઇવીએફ ટેકનિકં પોતાના એગ્સનો ઉપયોગ કરવામાં આવી શકે છે. આઇવીએફ ટેકનિકમાં ડોનરના એગ્સનો ઉપયોગ પણ કરી શકાય છે. આમાં કોઇ શંકા નથી કે ફર્ટિલિટી એટલે કે બાળકને જન્મ આપવા માટેની બાબત વય પર આધારિત રહે છે. મહિલાની વય જેટલી વધારે રહેશે તેના દ્વારા કુદરતી રીતે અને વહેલી તકે ગર્ભધારણ કરવાની શક્યતા ઘટતી જાય છે. આજની આરોગ્યને લઇને વધારે સાવધાન થયેલી મહિલાઓ પોતાને જવાન દેખાડવા માટે ખુબ નાણાં ખર્ચ કરે છે. પરંતુ હકીકત એ વખતે સપાટી પર આવે છે જ્યારે સમય વધી જાય છે. ૩૦ વર્ષની વય બાદ સગર્ભા થવાના પ્રયાસ કરે છે ત્યારે મહિલાઓને કેટલીક તકલીફ આવે છે. જેમ જેમ મહિલાઓની વય વધે છે તેના શરીરમાં રહેલા આરોગ્ય હેલ્થી એગ્સની સંખ્યા ઘટતી જાય છે. આ જ કારણસર તેની સગર્ભા બનવાની તક ઘટતી જાય છે. ૫૦ વર્ષની વયમાં જ્યારે મોટા ભાગની મહિલાઓના મેનોપોઝ શરૂ થઇ જાય છે ત્યારે માતૃત્વને હાંસલ કરવા માટે સમય **મુશ્કેલ થઇ જાય છે. આવી સ્થિતીમાં પોતાના એગ્સની મદદથી સગર્ભા થવાની શક્યતા ઓછી થઇ જાય છે. આના કારણે ડોનર અથવા તો યંગ અને ફર્ટાઇલ એગ્સનો ઉપયોગ કરીને ૫૦ વર્ષની મહિલાઓને માતા બનાવી શકાય છે. સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે મહિલાઓ સંપર્ણ પણે સ્વસ્થ રહે તે તેની પ્રથમ પ્રાથમિકતા છે. સગર્ભાવસ્થા દરમિયાન ઓછા જોખમ રહે તે ખુબ જરૂરી છે. કેટલીક મહિલાઓમાં આને લઇને કેટલીક દુવિધા રહે છે. જો કે તબીબો કહે છે કે ખુબ સુરક્ષિત રીતે હવે મહિલાઓ ટેકનિકનો ઉપયોગ કરીને માતા બની શકે છે. હેલ્થને લઇને સાવધાન રહેલી મહિલાઓ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આગળ આવીને મોટી વયમાં માતા બનવાના સપનાને પૂર્ણ કરી શકે છે. નવી નવી ટેકનોલોજી હાલમાં આવી રહી છે જેના કારણે લોકોને વધુને વધુ સુવિધા મળતી થઇ છે.

ADVAIT FOOD

Home Tiffin Service

- જૈન ટિફિન મળશે.
- ઘર નું શુધ્ધ અને સાત્વિક ટીફીન મળશે.
- સીઝનલ આઇટમ જેવીકે ચીકી, શીયાળુ મીઠાઇ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- ડ્રાય ફરસાણ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.
- પાર્ટી ઓર્ડર સ્વીકાર્ય (૫૦ થી ૭૦ માણસ સુધી)
- હોમ ડિલિવરી સર્વિસ ચાલુ છે.

Free Home Deliver

Tiffin Rs.80/-

Mo. 8160275876 / 9426387071

the next big thing

URMi

INVESTMENT CONSULTANCY
CREATING WEALTH SINCE 1999

અનેક નહી
एक
INDIA, INVESTMENT AND I

#Sapno_ se_Haqeeqat_Tak

2200 दिन मे. .

મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ ? પરંતુ
શું આપનો Portfolio સહી હૈ ?
SWACHH PORTFOLIO ABHIYAN

समृद्ध भारत

૨૦૨૫ ને ધ્યાનમાં રાખીને આપના PORTFOLIO ને સ્વચ્છ કરાવો.

- નવા PAN કાર્ડ
- URGENT PAN કાર્ડ
- PAN કાર્ડમાં સુધારો
- 15 વર્ષના અનુભવી

B.Com. Computer જાણકાર જોઈએ છે.
F.Y., S.Y., T.Y. વાળા પણ સંપર્ક કરી શકે છે.

વીલ બનાવવા માટે સંપર્ક કરો.
CUSTOMER CARE : 8200434554

વધુ માહીતી માટે સંપર્ક કરો.
સરનામું : ૨૪-૨૫, પહેલો માળ, અમરદિપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : (૦૨૬૪૨) ૨૪૨૫૨૫, ૨૬૭૭૭૮

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય સીતારામ ॥ ॥ શ્રી આશાપુરી માતાય નમઃ ॥

જય જગન્નાથ એગ્રોટેક

૬, કિશ્ના કોમ્પ્લેક્ષ, માર્કેટ યાર્ડ સામે, હાઈવે રોડ, બાવળા. જિ. અમદાવાદ.
કનુભાઈ એસ. પ્રજાપતિ
Web : jayjagannathagrotech.com
Email : jayjagannathagro@gmail.com
9714 115 115 મો. 94273 60548, 91572 30464

ખેતીને લગતા ટ્રેક્ટર સંચાલિત આધુનિક-વૈજ્ઞાનિક સાધનોના ડીલર

ટોકરી મોડલ ૪૦ એચ.પી. ટ્રેક્ટર
પંજાબનું (હેવી) ઘઉં-ચણાનું
સબસીડીપાત્ર ઓટોમેટિક થ્રેશર
(ઘઉં, તુવેર, સોયાબીન, જુવાર, બાજરી, ચણા - ૨૨ જાતના પાક)

સ્પે. મગફળી થ્રેશર
સબસીડીપાત્ર (વીણી-તજ મગફળીનું થ્રેશર)

મગફળી ડિગર
સબસીડીપાત્ર મગફળી ઉખાડવાનું

ટ્રોલી
ટ્રેક્ટર કંબાઈન્ડ થ્રેશર/હાર્વેસ્ટર
સબસીડીપાત્ર ૬ ફૂટ ૭૬૨

હાર્વેસ્ટર (ભીની તથા ભોંયુ)
(ચોમાસુ તથા ઉનાળુ પંજાબના કોયપણ હાર્વેસ્ટર)
સબસીડીપાત્ર ૫૨-૧૨-૧૪ ફૂટ ૬૨૨

ચારણો કરતું
લસણ/ડુંગળીનું કટર
ટ્રેક્ટર - ઈલેક્ટ્રીક મોટર સંચાલિત (ભાંયુ/ભોંયુ)

ડીલર
મહિન્દ્રા રોટાવેટર (હેવી)
સબસીડીપાત્ર ૫- ૫.૫-૬ ફૂટ

ડીલર
કોમ્પ્યુટર પાવડો
લેઝર લેવલર (ગિયર - ડાયલ ટાયર)
ઓટોમેટિક પલ્ટાવી - રોટાવી ઓપરેટેડ

૨, ૩, ૩.૫ ફૂટ
આંતરખેડ (પાવર વિડર)
હાથનું રાંપડા દેવાનું - ઢૂંઢવાનું
પેટ્રોલ તથા ડીઝલ (સબસીડી પાત્ર)

ટ્રોલી-ઢગલામાંથી ગોડાઉનમાં હુસેલ-ડૂલ-કુંવળ ભરવાનું બ્લોઅર, બંધારિયું, પંજાબનું સાદું રિવર્સ લોડર, પાવડો-રિવર્સ પાવડો, થ્રેર તથા બહારગામથી મોબાઈલ દ્વારા મોટરપંપ ચાલુ-બંધ કરવાનું મશીન, બેટરી શોટ-ઝટકા તાર ફેન્સીંગ, થાપ કટર (પૂળા કાપવાનું) તથા અન્ય ખેતીકામને લગતા તમામ પ્રકારના સાધનો મળશે.

ચાલુ કામનો વિડિયો વોટ્સએપ/વેબસાઈટ/યુટ્યુબ પર જોવા મળશે. | ટૂંક સમયમાં હાર્વેસ્ટરના સ્પેરપાર્ટ્સ મળશે.

ખેડૂતોએ ખેતીકામના કોઈપણ સાધનો ખરીદતાં પહેલાં એક વખત ફરુર મુલાકાત અવશ્ય લેવી.

જૂનું છોડો... નવું અપનાવો... આગળ વધો... પ્રગતિ કરો... ખેડૂતનાથ એ જ જગન્નાથ

અખંડ ભારત રહો | અહિંસા પરમો ધર્મ

વિષ્ણુ સુદર્શન જ્યોતિષ

જીઓ ઔર જીને દો

Guarantee for Solution and Privacy All World Open Challange

૪૦ વર્ષના અનુભવી શ્રી રાજગુરૂજી દેશ-વિદેશમાં પ્રખર ૪ પેઢીથીસેવા આપનાર.

દેશ-વિદેશમાં લેતા ભાઈ-લહેનો ઘેરબેઠા કોયથી કામ કરાવી શકે છે ૧૮ ગોલ્ડમેડાલિસ્ટ, ફોરેન રીટર્ન, વર્લ્ડ ફેમસ એકવાર ફોન કરો લાભ લો.

વિશેષ : શેર-સટ્ટા, લોટરી, હોટલ, મોટેલરેસ્ટોરન્ટ, ટી.વી. ફિલ્મલાઈનમાં કામ, કેરીયરબ્લોકેજ, ફસાયેલા નાણાં, દારૂ-ડ્રગ્સ છોડાવો, દેશ-વિદેશની એ ટુ ઝેડ ગુપ્ત તમસ્યા, પતિ-પત્ની સેક્સ્યુલ પ્રોબ્લેમ, તંતાનપ્રાપ્તિ, નબળાઈ, કમજોરી, અશાંતિ, ગુપ્ત રોગ તમસ્યા, લેસ્બિયન, ગે, હોમો સિલેક્શન, પ્રેમી-પ્રેમિકા સેટલમેન્ટ, લવમેરેજ, વશીકરણ, ધાર્યું કામ, સ્ત્રી-પુરૂષ વશ, કુબ્જા મોહિની વશીકરણ, વિદેશ, વિઝા, વ્યસન, બિમારી ભૂતપ્રેત, ડર, ભય-સ્ટોપ, ગુપ્ત સેક્સ, મૂઠ શત્રુનાશ, સૌતનત્રાસ, ઘરેલું તમસ્યા, મેલીવિદ્યા, મૂઠયોટ, વશીકરણ, શત્રુવિજય તત્કાલીનનિવારણ તથા હસ્તમૈથુન, શીઘ્રપતન, સ્વપ્નદોષ, અંગત સૈક્સ સંબંધ, ખોડા વહેમ, આડા તાંબંધ, સ્વપ્ન કે ઈન્દ્રીઓ માં વધારો, વિદેશ જવા ઈચ્છો છતાં વિઝા નથી મળતો વગેરે સમસ્યા માટે ખાસ મળો.

- શું તમે એજ્યુકેશનમાં નબળા છો ?
- તમને વ્યસન ની ટેવ છે ?
- તમે અવરી લત પર ચઢી ગયા છો ?
- તમે જીવનની સમસ્યામાં ઘેરાઈ ગયા છો ?
- તમને શત્રુનો ત્રાસ છે ?
- ઘરમાં અશાંતિ છે ?
- બિમારીથી ઘેરાઈ ગયા છો ?
- કર્જ થઈ ગયો છે, વ્યાપાર-ધંધો ચાલતો નથી ?
- પતિ-પત્ની સંતાનથી પીડાઈ રહ્યા છો ?

હજારો ભવિષ્યવાણી સિદ્ધ લાખો કામ સફળ
હસ્તરેખા, જન્માક્ષર, વાસ્તુ,પિરામીડ, રમલશાસ્ત્ર,ફેંગશુઈ,ટેરો,સ્ટોન, ફેસ રીડીંગ સ્પેશ્યાલિસ્ટ
મોબાઈલ, ઈલેક્ટ્રોનીક, બ્યુટીપાર્લર, કોસ્મેટીક, હોઝયરી,ક્લોથ સ્ટોર, રિયલ એસ્ટેટ, ટ્યુશ્યેલ્સ, ટ્યુશન ક્લાસ,કેટરીંગ, કરીયાણુ, દવાખાનું, મેડીકલ, અથવા ઓફિસવર્ક,ફેકટરી માં કોઈ પણ સમસ્યા માટે ખાસ અલોકીક વસ્તુ મળશે.
ઘરે બેઠા કામ થશે
નોંધ : નેતા, અભિનેતા, અભિનેત્રીઓ, ટીવી સ્ટાર, ઉદ્યોગપતિ, પ્રતિષ્ઠિત વ્યક્તિ, ઉચ્ચ ધનાઢય, મધ્યમવર્ગ,લાખો લોકોએ લાભ લીધેલ, જેના લખાણ કે વખાણની જરૂર નથી. મળીને ખાત્રી કરો.

Note : If Husband, Son or Boy Friends not Listening to your advice Cont Immediately
વડોદરા, ગુજરાત. M. 9574776699

VIMOX™ INNOVATION



Customer Care
72260 72333 | 72260 72444 | 72260 72555
Web.: www.vimoxindia.com E-mail: vimoxindia@gmail.com

સેલ...સેલ...સેલ...સેલ...સેલ...
અમદાવાદના પ્રખ્યાત ઢાલગરવાડવાળા
બગલ, કોણી, ઘૂટણ, ઘૂંટી માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ,પીલીંગ, મેસોથેરાપી વીથડર્માસ્લર, કીમ બ્રેઝ પ્રોગ્રામ
એન્ટી એજીંગ (ઘુંધ ગોથ)
માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ પીલીંગ, મેસોથેરાપી વીથ ડર્માસ્લર,કીમ બ્રેઝ પ્રોગ્રામ, સ્નો લેસ પીલીંગ
ઈન્સ્ટન્ટ ફ્રેરનેસ
માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ પીલીંગ કીમ બ્રેસ પ્રોગ્રામ મેસોથેરાપી વીથ કર્મોસ્લર
સ્કીન મેઈનટેનન્સ
(ડ્રાય નોર્મલ ઓઈલી સ્કીન, કીમ બ્રેઝ પ્રોગ્રામ માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ,પીલીંગ,
સ્કાર ટ્રીટમેન્ટ
સર્જીકલ-એકને.... માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ પીલીંગ મેસોથેરાપી વીથ કર્મા રોલ કીમ બ્રેઝ પ્રોગ્રામ
ક્લીનીક પર આવતા દરેક દર્દીને સલાહ ને કસરત માત્ર ડૉ. ખુશ્બુ જોશી દ્વારા જ કરાવવામાં આવે છે.
4 & 5, ધવલ એપાર્ટમેન્ટ, રાંદેર ટેલીફોન એરચેન્જની બાજુમાં અમીધારાવાડી ચોકસીવાડી રોડ, અજરામર ચોક, રાંદેર, સુરત.
94275 55696,97269 10173
હોમ વિઝીટ સુવિધા ઉપલબ્ધ છે.
Visit us on : www.tanishphysioandfitness.com

SHREE GANESH MOBILE
મોટી ખુશી, નાના હપ્તે
સરળ હપ્તે ફોન વસાવો.
0%
0% Down Payment
0% Processing Fees
0% Interest
BAJAJ FINSERV EMI FINANCE
HOME CREDIT
HDFC BANK We understand your world
IDFC FIRST Bank (CAPITAL FIRST)
Pine Labs Pioneering Payment Technologies NO COST EMI
ડેબીટ કાર્ડ પર વ્યાજ વગર સરળ હપ્તે મોબાઈલ મેળવો.
All Debit & Credit Card Accepted

Dear Friend
FANTASTIC BUSINESS OPPORTUNITY
WORK FROM HOME
EARN EXTRA INCOME
FULL / PART TIME
POTENTIAL OF THE BUSINESS
NO BOSS , BE YOUR OWN BOSS
Work 2-4 Hours a day
For Everyone Above 18 Years
Experience / Qualification Not Require
No Door to Door Sales, No Targets
WHAT IS YOUR NO.1 PRIORITY?
- Extra Income
- Time Freedom
- Income Security
- Good Health
- Peace of Mind
- Own Home
- Own Cars
- Leave a Legacy
- Income Diversification
- higher Education of kids
- Charities
- Helping Others
- Name, Fame & Recognition
- Life of Significance
- Foreign Trips
Call : 9712708570
Income may vary by person to person

STAR STUDENT HUB
THE CBSE COACHING CLASS
Delivering 100% Result since last 4 years of CBSE X th
CBSE Std 10th Mar-15 = 100% CBSE Std 10th Mar-17 = 100%
CBSE Std 10th Mar-16 = 100% CBSE Std 10th Mar-18 = 100%
ADMISSION OPEN
For CBSE Std. 8th 9th 10th & 12th Science A.Y. 2019-20
We Prepare our Students for Excellence !!!
CBSE Std. 10th Batch Started From 15th March
CBSE Std. 8th, 9th & 12th Science Batch Commencing From 1st April
CBSE Xth March - 18 Result
PATEL FAIZAN (Matliwala) 9.40 CGPA
MISTRY BHARGAV (Matliwala) 8.30 CGPA
PATEL KAISH (Matliwala) 8.15 CGPA
UGHRADAR SABAH (Matliwala) 8.00 CGPA
BABAR MOHAMMED (Matliwala) 8.00 CGPA
PATEL UMAR (Matliwala) 7.40 CGPA
PATEL AKILA (Matliwala) 7.10 CGPA
Our Salient Features :
- Limited Students per Batch.
- Study Material according to CBSE Syllabus
- Ontime course completion
- Teachers with 10+ years of Teaching Experience
For more details please contact personally between 9a.m. to 11a.m. & 5p.m. to 7p.m.
Address : F-15, Mohammedi City Corner, Mohammedpura, Bharuch. 63559 17535

Podar Jumbo Kids
EYFS UK's Pre-School Curriculum
Playgroup, Nursery, Jr. KG, Sr. KG
Experiential Learning, Stress Buster Activities, Multi Sensory Spa, Kinaesthetic Learning, Left & Right Brain Co-ordination Activities, Aroma & Colours for Mental Alertness, 3D Teaching Technology, Phonic based Language Program
Ankleshwar - Rajpipla Cross Road: 7201049000
Bharuch - Kasak: 7046231000, Zadeshwar: 7211181777

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

EXCLUSIVE BRANDED BEDSHEETS
- સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
- વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
- લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
- સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
- લક્ઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
- સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
- લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
- એક્સકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
- હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
- શેતરંજી - આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

150 YEARS OF CELEBRATING THE MAHATMA
ખાદી ગ્રામોદ્યોગ કમીશન અમદાવાદ દ્વારા આયોજીત
Khadi India
ખાદી તથા ગ્રામોદ્યોગ નું ભવ્ય પ્રદર્શન અને વેચાણ
પ્રદર્શનમાં ખાદીના હાથવણાટથી બનેલા કાપડ અને તૈયાર વસ્ત્રો ઉપર ખાસ સરકારી વળતરનો લાભ મેળવો.
૧૦% થી ૨૫%સુધી વળતરનો લાભ મેળવો
ખાદી વસ્ત્રોનો વધારેમાં વધારે ઉપયોગ કરી હાથ વણાટ કરતા ભાઇ-બહેનો ને રોજી આપવામાં અમને સાથ સહકાર આપશો.
ખાદીનું દરેક પ્રકારનું કાપડ, તૈયાર શર્ટ, ઝભ્ભા, લેંઘા, સદરા, અને આયુર્વેદીક દવાઓ, અથાણા, પાપડ, સાબુ, બુટ, ચંપલ, તથા અનેક પ્રકારની હાથ બનાવટની વસ્તુઓ મળશે.
સ્થળ : હોસ્ટેલ ગ્રાઉન્ડ, પાંચબત્તી, ભરૂચ.
તા.10-3-19 થી 24-3-19 • સમય : બપોરે 12 થી રાત્રે 10 કલાક

સૌથી સસ્તી વિમાન યાત્રા
પ્રયોશા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ™
Ahmedabad : 8140194500, M.: 8140194200, Ph.: 079-40056857
Anand-8154947344, 7046301797, Mehsana-8849788935
સ્પે.કેરાલા
કોચીન, મુન્નાર, થેકડી, એલપ્પી, ત્રિવેન્દ્રમ, કોવાલ્લમ બીચ
AC Delux Hotel • AC 2 x 2 Volvo Bus
રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા પ્લેન
દિવસ-૮ ₹ 24500/-PP
દિલ્હી-અક્ષરધામ
હરીદ્વાર, ઋષીકેશ, મસૂરી, દહેરાદુન, ગોકુળ, મથુરા, વૃંદાવન, આગ્રા
રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન
દિવસ-૬ ₹ 9000/-PP
નેપાળ-કાઠમંડુ
પોખરા, બનારસ, મનોકામનાદેવી, સારનાથ, અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, ગોરખપુર
AC Bus • રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન
દિવસ-૯ ₹ 14800/-PP
સ્પે.હનીમુન ટુર
દિલ્હી–અક્ષરધામ, દિલ્હી દર્શન, પીંજોરગાર્ડન, સીમલા, કુફરી, કુલુ, મનાલી, રોહતાંગ, ડેલહાઉસી, ખજીયાર, વાઘા બોર્ડર, અમૃતસર
Non AC Bus
રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન
દિવસ-૯ ₹ 17200/-PP
બેંગ્લોર, મૈસુર, ઉટી, કોડાઇકેનાલ, મદુરાઇ, કન્યાકુમારી, પદમનાભમ મંદિર, ત્રિવેન્દ્રમ–કેરાલા, રામેશ્વરમ્, શ્રીરંગમ, મહાબળીપૂરમ, શિવકાંચી, પોંડીચેરી, તીરૂપતી બાલાજી
AC 2x2 પુશ બેક બસ • રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા પ્લેન
દિવસ-૧૨ ₹ 23500/-PP
ઉપરના બધાજ પેકેજમાં 5% GST Extra
prayoshatoursandtravels@gmail.com Prayosha trip

Dr. Hetal's Advanced Dentistree
Since 2000
Dr. Hetal Tamakuwala
B.D.S. (B.J.Medical, Ahmedabad) - 2000
Basic Implantology Course - 2017
Advance Implantology Course - 2018
Now BIGGER & BETTER
DENTAL IMPLANT, CROWN & BRIDGE, ORTHODONTIC TREATMENT
FAMILY CHECK UP FOR ₹500/- + BRUSH 2+2
ROOT CANAL TREATMENT
TOOTH EXTRACTION
PEDIATRIC TREATMENT
ASETHETIC DENTISTRY
VENEERS
LIGHT CURE FILLINGS
222, Marvella Business Hub, Opp. R.T.O. Office, Pal, Surat.
81549 30063 | Time : 9.00 am to 1.00 pm & 4.00 pm to 8.00 pm

PODAR WORLD SCHOOL
EYFS Uk's Pre-School Curriculum
3D Teaching Technology
Innovative Learning with Tablets
- Motion based Gesture Controlled Learning
- Ranked #1 Pre-School
- Learning through AR / VR
- Gamification of Learning
- 92 Years of Experience
- International Student Debates through Video Conferencing
- CCTV Security Surveillance
- RFID with SMS Alert for Parents
ADMISSIONS OPEN
Playgroup to Class VIII
Near Rajpipla Cross Road, Behind Varsha Hotel, NH-8
Ankleshwar - 7201048000

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે
મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
ઉંભરાટ બીચ - નવસારી
www.modiresorts.com
સ્કુલ, ગૃપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
Ph.: 99250 08830
97272 56004

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો
100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઇડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.
અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
- ઈન્ટરનેશનલ વર્લ્ડવાઇડ વોરંટી
- લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
- ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
- રીચાર્જેબલ હીયરીંગ એઈડ
- જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરતઃ એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરતઃ મો. 75670 00800
અડાજણઃ ગુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

GLOBAL INSTITUTE OF DIGITAL ARTS

ADMISSION OPEN

યુવા પેઢી માટે પ્રોફેશનલ કેરીયર બનાવવા માટેની ઉત્તમ તક...

માત્ર 3 મહિનામાં શીખો
પ્રોફેશનલ એનિમેશન અને
મેળવો ખાત્રી પૂર્વક નોકરી...
સાથે સાથે એનિમેટ કરો
ટી.વી શો ના કેરેક્ટરો

કોર્ષ ફી ઓફર

~~રૂ. 3,૫૦,૦૦૦/-~~

માત્ર રૂ. ૧,૦૦,૦૦૦/-

પ્રારંભિક પગાર :
૮,૦૦૦/- પ્રતિ માસ

Leval	Animator
Junior Level	8,000/-
Mid Level	1,00,000/- to 2,00,000/-
Senior Level	3,50,000/- to 5,00,000/-

બહાર ગામથી આવનાર વિદ્યાર્થીઓ માટે રહેવાની અને જમવાની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવશે.

301, Avalon The Business Hub, Opp. Patidar Sama Bhavan, Katargam, Surat-395004. Gujarat (India)
Contact : +91 701 681 3898 info@gidaweb.com www.gidaweb.com

education &career expo 2019

Where ambition meets opportunity

DATE :- 11th & 12 th MAY 2019
TIME :- 11 AM TO 8 PM
VENUE :- SCIENCE CENTRE,CITY LIGHT ROAD , SURAT
FOR MORE INQUIRY : 7990624255 , 8849329844 , 9638437797 , 8866833000

CONCEPTUALIZED BY: aura ACADEMY
COMMUNITY PARTNER: Young Istaan

education &career expo 2019

100 + Career Option Available
On Spot Counselling

Meet & Connect With Different Institute

Date :- 11th & 12th May 2019
Time :- 11 Am To 8 Pm


Venue :- Science Centre , City Light Road , Surat.
For More Inquiry : 7990624255 , 8849329844 , 9638437797 , 8866833000

Aapka Holidays Limited

Package cost
20 ,999 PP
(Landpackage)

6 Nights
7 Days

1N BANGALORE / 2N COORG / 1N MYSORE / 2N OOTY



Day 1: Pickup from arrival. Transfer to a hotel, after lunch visit Lalbagh, Vidana Soudha, Museum and ISKON temple. Overnight stay @ Bangalore.
Day 2:Pick up from the arrival and proceed to Coorg. Enroute visit Tibetan Golden Temple, NisargaDhama. On arrival check in to a hotel. Evening visit Raja's Seat. Overnight stay @ Coorg.
Day 3:After breakfast Proceed to Talacaven, Bhagamandala, Omkareshwara Temple and Abby Falls. Overnight stay @ Coorg.
Day 4:After Breakfast Check out and proceed to Mysore. Check into the Hotel on arrival. Later visit Chamundi Hills, bull Temple, Maharaja Palace. Evening proceed to Brindavan Gardens. Overnight stay @ Mysore
Day 5:After breakfast checkout and proceed to Ooty, on arrival in Ooty checking to a hotel. After lunch visit Ooty lake & Botanical Gardens. Overnight stay @ Ooty
Day 6:After breakfast Proceed to Coonoor. Coonoor Sight seeing(Sims Park, Lams Rock, Dolphin Nose, Tea Garden and Tea Factory) and Doddabetta. Overnight stay @ Ooty
Day 7:After breakfast checkout and proceed to Bangalore or Mysore to board your train or flight.

Contact - 9099012983 / 8469350983
Head office - 24" 25,Shree rang multiplex, INOX, zadeshwar road , Bharuch
Branch office - 1st floor , Highfield Ascot , VIP road , Vesu ,Surat
Email - sales@aapkaholidays .in www.aapkaholidays.in

તથાસ્તુઃ ચેરીટેબલ ટ્રસ્ટ

સંચાલિત

મિશન હેલ્થી ઈન્ડિયા

Reg.No. :F/2336/SURAT An ISO : 9001-2015 CERTIFIED

મિશન હેલ્થી ઈન્ડિયા લાવ્યું છે પુરા એક પરિવાર નું રાશન બજાર મૂલ્યથી ઓછા ભાવમાં



નં.	પ્રોડક્ટનું નામ	વજન
૧	ખાંડ	૨ કિલો
૨	ચોખા(બાસમતી)	૧ કિલો
૩	મગ દાળ	૧ કિલો
૪	તુવેળ દાળ	૧ કિલો
૫	ડિટર્જન્ટ પાવડર	૧ કિલો
૬	ધાણાજીરૂ પાવડર	૨૦૦ ગ્રામ
૭	કપડા ધોવાનો સાબુ	૫ નંગ
૮	વાસણ ઘસવાનો સાબુ	૫૦૦ ગ્રામ (૧ નંગ)
૯	ચા સુપર ક્વોલીટી	૫૦૦ ગ્રામ

એક ડગલુ સમાજના ઉત્થાન તરફ...





એક કીટ ફક્ત ~~૬૫૦/-~~ ૪૫૦/- રૂપિયા માં

આજે જ આપણું મિશન હેલ્થી ઈન્ડિયા રાશન કાર્ડ બનાવો.

તથાસ્તુઃ ચેરીટેબલ ટ્રસ્ટ
ઓલ ગુજરાત પ્રેસીડેન્ટ

તથાસ્તુઃ ચેરીટેબલ ટ્રસ્ટ
ઓલ ગુજરાત વાઈસ પ્રેસીડેન્ટ

ગૌતમભાઈ મો. 93271 28708

ગૌતમ ભારતીય સેવા કેન્દ્ર

કેરટેકર મળશે....

પથારીવશ દર્દીઓની સેવા-સંભાળ માટે તથા બેબી કેર માટે વિશ્વાસુ, અનુભવી આયા-બહેનો તથા ભાઈઓ ઘેર બેઠા મેળવવા માટે મળો.

૯૦-શંકરનગર સોસાયટી, પાલનપુર પાટિયા, ગણેશમંદિર સામે, સોના હોટલ પાસે, રાંદેર રોડ, સુરત.

રૂબરુ મુલાકાત માટે અગાઉથી ફોન કરી મળવું.

ડાંગ જિલ્લાના નોડલ અધિકારીઓને ચૂંટણી કામગીરી અંગે માર્ગદર્શન અપાયું

ચૂંટણી પૂર્વે અને ચૂંટણી બાદની કામગીરી માટે સમજણ કેળવાઈ

આહવા

ડાંગ જિલ્લાની વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લેતા ખાસ કરીને દુગર્મ વિસ્તારમાં આવેલા મતદાન મથકોને જરૂરી તમામ સાધન, સામગ્રી સરળતાથી ઉપલબ્ધ થાય તેની તકેદારી સાથે, દરેક મતદાન મથકોએ સંદેશા વ્યવહારની વૈકલ્પિક વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવવાની સૂચના, જિલ્લા ચૂંટણી અધિકારી-વ-કલેક્ટર શ્રી એન.કે.ડામોરે સંબંધિત નોડલ ઓફિસરોને આપી હતી.

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ સંદર્ભે ૨૬-વલસાડ લોકસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ ૧૭૩-ડાંગ (અ.જ.જા.) વિધાનસભા મતદાર વિભાગ માટેની જુદી જુદી કામગીરીના નિયુક્ત કરાયેલા નોડલ ઓફિસરોને ચૂંટણીલક્ષી કામગીરી બાબતે સૂક્ષ્મ માર્ગદર્શન આપતા શ્રી ડામોરે ચૂંટણી જેવી સંવેદનશીલ કામગીરી બાબતે ખૂબ જ ચોક્સાઇ અને ગંભીરતા દાખવવાની પણ સૂચના આપી હતી. ચૂંટણી પૂર્વે તથા ચૂંટણી બાદની કરવાની થતી કામગીરી બાબતે સંબંધિત અધિકારીઓને સમયસર તેમની કામગીરી આટોપવાની પણ તેમણે હિમાયત કરી હતી.

ચૂંટણીની તમામ કામગીરી ક્ષતિરહિત થાય તે માટે તમામ ફરજ નિયુક્ત અધિકારી/કર્મચારીઓ તેમને સોંપવામાં આવેલી કામગીરી બાબતે પૂર્ણ જાણકારી મેળવી, ચૂંટણી સંલગ્ન નીતિ નિયમોની પૂર્ણ જાણકારી સાથે તેમની ફરજ બજાવે તે આવશ્યક છે તેમ જણાવી શ્રી એન.કે.ડામોરે નોડલ ઓફિસરોને તેમની કમિટિ દ્વારા હાથ ધરાયેલી કામગીરી બાબતે જરૂરી પૃચ્છા કરી, ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું.

ચૂંટણીની કામગીરી નિયત સમય મર્યાદામાં જ કરવાની થતી હોઇ, તમામે તમામ કામગીરી તેના શિડ્યૂલ મુજબ જ થાય તેની તકેદારી દાખવવા સાથે, નાનામાં નાની કામગીરી બાબતે ચોક્સાઇ જાળવાઇ તે જરૂરી છે તેમ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એન.કે.ડામોરે વધુમાં જણાવ્યુ હતું.

કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાયેલી જિલ્લાના નોડલ ઓફિસરોની અગત્યની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે. વઢવાણિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી શિવાજી તબિયાર સહિત જુદી જુદી કમિટિના નોડલ ઓફિસરો વિગેરેએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

બારડોલી લોકસભા બેઠક પર ભરાયેલા ૨૪ ઉમેદવારી પત્રકો પૈકી ૧૧ના ફોર્મ રદ

રાજકીય પક્ષોના ડમી ઉમેદવારોના ફોર્મ પણ રદ કર્યા

વ્યારા

તા. ૨૩મી, એપ્રિલે યોજાનારી લોકસભા સામાન્ય ચૂંટણીના ગત તા. ૦૪/૦૪/૨૦૧૯ના રોજ સુધી ઉમેદવારીપત્રો ભરવામાં આવ્યા હતા. તા. ૦૫/૦૪/૨૦૧૯ના રોજ હાથ ધરવામાં આવેલી ઉમેદવારીપત્રો ચકાસણીની કામગીરી દરમિયાન ૨૩-બારડોલી બેઠક માટે ૧૩ ઉમેદવારીપત્રો માન્ય ઠર્યા હતા.

ચૂંટણી અધિકારી આર.એસ. નિનામા તરફથી મળતી વિગતો વિગતો અનુસાર ગત તા. ૦૪, એપ્રિલ સુધીમાં ૨૩-બારડોલી લોકસભા બેઠક માટે ૧૭ ઉમેદવારો દ્વારા ૨૪ ઉમેદવારીપત્રો રજૂ કરાયા હતા. તા. ૦૫મી, એપ્રિલે ઉમેદવારીપત્રોની ચકાસણી દરમિયાન ૧૧ ઉમેદવારીપત્રો અમાન્ય ઠર્યા હતા. જેમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર ડૉ. તુષારભાઈ ચૌધરીએ ૪ ઉમેદવારીપત્રો ભર્યા હતાં જે પૈકી પ્રથમ ઉમેદવારીપત્ર માન્ય થતાં બાકીના ત્રણ ઉમેદવારીપત્રો રદ કરવામાં આવ્યા હતા. તથા તેમના ડમી ઉમેદવાર ભીલાભાઈ ગામીતનું ફોર્મ રદ કરવામાં આવ્યું હતું. ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પ્રભુભાઈ વસાવાએ પણ ૪ ઉમેદવારીપત્ર ભર્યા હતા જે પૈકી પ્રથમ ઉમેદવારીપત્ર માન્ય ઠરતા બાકીના ત્રણ ઉમેદવારીપત્રો તથા તેમના ડમી ઉમેદવાર હર્ષદભાઈ ચૌધરી દ્વારા ભરવામાં આવેલા બે ઉમેદવારીપત્રો પણ રદ કરવામાં આવ્યા હતા.ભારતીય ટ્રાયબલ પાર્ટીના ઉમેદવાર ઉત્તમભાઈ સોમાભાઈ વસાવાનું ઉમેદવારીપત્ર ઉમેદવારીપત્ર માન્ય ઠરતા તેમના ડમી ઉમેદવાર સુભાષભાઈ કાનજીભાઈ વસાવાનું ઉમેદવારીપત્ર રદ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટીના ઉમેદવાર કૌશિકભાઈ વિરેન્દ્રભાઈ ગામીત, બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર દિનેશભાઈ ગુલાબભાઈ ચૌધરી, અપક્ષ સેમાનભાઈ કેવજીભાઈ વસાવા, બહુજન રિપબ્લિકન સોશ્યાલિસ્ટ પાર્ટીના ઉમેદવાર મોહનભાઈ બાબુભાઈ ગામીત, સ્વતંત્ર ભારત સત્યાગ્રહ પાર્ટીના ઉમેદવાર સુરેશભાઈ બાબુભાઈ ગામીત, અપક્ષ ઉમેદભાઈ ભીમસીંગભાઈ ગામીત, અપક્ષ અરવિંદભાઈ ભાણાભાઈ રાઠોડ, અપક્ષ પ્રજ્ઞેશભાઈ રતિલાલભાઈ ચૌધરી, અપક્ષ ફતેસિંગભાઈ વાહર્યાભાઈ વસાવા અને અપક્ષ સુરેશભાઈ મોતિયાભાઈ ચૌધરીના ઉમેદવારીપત્ર માન્ય ગણવામાં આવ્યા હતા. અપક્ષ ઉમેદવાર ચંદ્રકાંતભાઈ ગોવિંદભાઈ ચૌધરીએ રજૂ કરેલ ઉમેદવારીપત્ર સાથે ભારતના ચૂંટણી આયોગ દ્વારા નિયત કરવામાં આવેલા નમૂના મુજબનું સોગંદનામું યોગ્ય રીતે ભરી રજૂ કરેલ ન હોય તેમનું ઉમેદવારીપત્ર રદ કરવામાં આવ્યું હતું.

આગામી તા. ૦૮/૦૪/૨૦૧૯ના રોજ ઉમેદવારીપત્ર પરત ખેંચવાના દિવસે ઉમેદવારીપત્ર પરત ખેંચાયા બાદ ૨૩-બારડોલી લોકસભા બેઠકના ચૂંટણી જંગમાં કેટલા ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે એનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

રીમોટ સંચાલિત ડ્રોન, એરક્રાફટ તથા એરિયલ મિસાઈલ ઉડાવી શકાશે નહીં

ભાંગફોડિયા તત્વો ગેરલાભ ઉઠાવતા હોવાથી પ્રતિબંધ મૂકાયો

સુરત

સુરત શહેર સ્પેશિયલ બ્રાંચના મદદનીશ પોલીસ કમિશનર પી.એલ. ચૌધરીએ એક જાહેરનામા દ્વારા ફરમાવ્યું છે કે રિમોટ કંટ્રોલ સંચાલિત ડ્રોન, એરિયલ મિસાઈલ, હેલિકોપ્ટર, પેરાગ્લાઈડર, એરક્રાફ્ટ જેવા આધુનિક સંસાધનોથી દેશવિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગફોડિયા તત્વો ગેરલાભ લઈને સુરત શહેરની સુરક્ષાને હાનિ પહોંચાડવાની શક્યતાને ધ્યાને લઈ પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર શહેરી વિસ્તારમાં રિમોટ કંટ્રોલ સંચાલિત ડ્રોન, એરિયલ મિસાઈલ, હેલિકોપ્ટર, પેરાગ્લાઈડર, એરક્રાફ્ટ ,રિમોટ કંટ્રોલ માઈક્રો લાઈટ જેવા આધુનિક સંસાધનો ઉડાડવા માટે નિયંત્રણ મૂક્યા છે. જે મુજબ ડ્રોન સહિતના આવા સાધનો ઉડાડવા માટે પોલિસ વિભાગની પૂર્વ મંજૂરી મેળવવી ફરજિયાત છે. ડ્રોન માલિકોએ તેમના ડ્રોનની પ્રાથમિક વિગતો નજીકના પોલિસ સ્ટેશનમાં જમા કરાવવી. નોંધનીય છે કે, પોલીસ ખાતાના, સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઈક્રો લાઈટ એરક્રાફટને જાહેરનામાંથી મુકિત આપવામાં આવી છે. આ જાહેરનામું તા.૦૧/૦૬/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

મતદાન જાગૃતિ માટે ઠેર-ઠેર બેનરો લાગ્યા

સુરત

આગામી તા.૨૩મી એપ્રિલના રોજ લોકસભાની સામાન્ય ચુંટણી અંતર્ગત EVM અને VVPAT દ્વારા મતદાનની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. EVM અને VVPAT દ્વારા મતદાનની કામગીરી બાબતે વધુમાં વધુ મતદારો માહિતગાર થાય તે માટે સમગ્ર સુરત શહેર-જિલ્લામાં નિદર્શન કરીને મતદાર જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત ઉમરપાડા તાલુકાની સરકારી વિનયન કોલેજ ખાતે EVM નિદર્શન કરીને મતદારોને સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત ઠેર ઠેર બેનરો લગાવીને પણ મતદારોને જાગૃત કરવામાં આવી રહ્યા છે.



ચેટીચાંદના તહેવાર નિમિત્તે સુરત સિંધી પંચાયત સમાજ દ્વારા જ્યોતિ પૂંજ તથા ભગવાન જુલેલાલની શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે સવારે સિટિલાઈટ ખાતે આવેલા પ્રકાશ આશ્રમમાં જ્યોતિ પૂંજની વિધિવત પૂજાના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.


એમેઝોનના બેઝોસ બાદ પ્રેમિકા લોરેન સાંચેઝે પણ છૂટાછેડા માટે અરજી કરી

લોંસ એંજલ્સ

એમેઝોનના માલિક જેફ બેઝોસ દ્વારા તેની પત્ની મેકેન્ઝીને વિશ્વના સૌથી મોંઘા છૂટાછેડા આપવામાં આવ્યા બાદ હવે તેની પ્રેમિકાએ પોતાના છૂટાછેડા માટે અરજી કરી છે. પૂર્વે ટીવી એક્ટર લોરેન સાંચેઝને બેઝોસ સાથે લફરું હોવાની વાત જગજાહેર છે ત્યારે હવે તેણે ૧૪ વર્ષના લગ્નજીવન બાદ ટેલેન્ટ એજન્ટ પતિ પેટ્રિક વ્હાઈસેલથી છૂટાછેડા લેવા અરજી કરી છે. બેઝોસે પોતાના ડિવોર્સ કરાર મુજબ પત્ની મેકેન્ઝીને એમેઝોનના ૪ ટકા શેર આપ્યા જેનું મૂલ્ય ૨.૫ લાખ કરોડ થાય છે. આમ છતાં બેઝોસ એમેઝોનના ૧૨ ટકા શેર સાથે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ તરીકે યથાવત છે. પૂર્વ પત્ની સાંચેઝ સૌથી સંપત્તિવાન મહિલાઓમાં ચોથા સ્થાને આવી ગઈ છે. બેઝોસના છૂટાછેડાની પ્રક્રિયા બાદ હવે પ્રેમીકા લોરેન સાંચેઝે પણ શુક્રવારે કોર્ટમાં પતિ વ્હાઈસેલથી છૂટકારો મેળવવા માટે અરજી કરી છે. જોકે તેમણે બે બાળકોની સંયુક્ત કસ્ટડીની માંગ કરી છે. અમેરિકન મેગેઝિન નેશનલ ઈક્વાયરરે બેઝોસ અને ગર્લફ્રેન્ડ સાંચેઝના ખાનગી મેસેજ અને તસવીરો લીક કર્યા હતા. ત્યારબાદ બેઝોસ અને મેકેન્ઝીના ૨૬ વર્ષના લગ્નજીવનમાં ભંગાણ પડ્યું હતું.







ભાજપના સ્થાપના દિને જ શત્રુનઘ્નસિંહા કોંગ્રેસમાં જોડાયા

નોટબંધી દેશનું સૌથી મોટું કૌભાંડ, ભાજપ વન મેન આર્મી ટુ મેન શો બની ગઈ છે: શત્રુઘ્નસિંહા

ન્યુ દિલ્હી

ભાજપના બાગી નેતા રહેલા શત્રુઘ્ન સિન્હા એ આખરે સત્તાવાર રીતે કોંગ્રેસ પાર્ટી જોઇન કરી લીધી છે. આ દરમ્યાન તેમણે જ્યાં ભાજપ સંસ્થાપકો નાનાજી દેશમુખ, અટલ અને અડવાણીના જોરદાર વખાણ કર્યા તો મોદી અને અમિત શાહ પર આકરા પ્રહારો કર્યા. શત્રુઘ્ન એ કહ્યું કે તેમને દુઃખ છે કે ભાજપના સ્થાપના દિવસે જ તેમને પાર્ટી છોડવાનો નિર્ણય લેવો પડ્યો. તેમણે કહ્યું કે મને કોંગ્રેસ જોઇન કરાવામાં લાલુ યાદવની અગત્યની ભૂમિકા રહી.

શત્રુઘ્ને કહ્યું કે આજે ભાજપનો ૪૯મો સ્થાપના દિવસ છે. આજના દિવસે પાર્ટીને છોડવી મારા માટે દુઃખદ રહ્યું છે. તેમણે કહ્યું કે જ્યારે જય પ્રકાશ નારાયણને હું મળ્યો તો તેમણે નાનાજી દેશમુખ સાથે મારો પરિચય કરાવ્યો. ભારત રત્ન નાનાજી એ મારી રાજકીય પરવરિશ કરી. તેમણે મને અટલજી સાથે મળાવ્યા

ભારે મન સાથે છોડી રહ્યો છું ભાજપ, મને મંત્રી ના બનાવ્યો તેનો કોઇ અફસોસ નથી

અને મેં ભાજપ માટે કામ કરવાનો નિર્ણય લીધો. આ પાર્ટીમાં મારી મુલાકાત મારા ગુરૂ અને ગાઇડ અડવાણીજી સાથે પણ થઇ.

શૉટગને કહ્યું કે હું એ કહી શકું છું કે લોકશાહીને અમે ધીમે-ધીમે તાનાશાહીમાં બદલાતી જોઇ. વન મેન આર્મી અને ટુ મેન શો બની ગઇ ભાજપ. પાર્ટીના દિગ્ગજોને માર્ગદર્શક મંડળમાં મોકલી દેવાયા. તેમણે કહ્યું કે આ લોકો એ પહેલાં ઉપરથી કાપવાનું શરૂ કર્યું. યશવંત સિન્હા જેવા વ્યક્તિનો શું હશ્ર કર્યો. મુરલી મનોહર જોશીની હાલત ખરાબ કરી. ખૂબ જ વિદ્વાન નેતા અરૂણ શૌરીને સમ્માન ના આપ્યું. તમે મને મંત્રી ના બનાવ્યો, તેનો કોઇ ખેદ નથી.

તેમણે કહ્યું કે મને શિખવાડવામાં આવ્યું છે કે પાર્ટીથી મોટો દેશ હોય છે. મારી વાતો દેશ માટે હોય છે. મેં મારા માટે કોઇ ડીલ માંગી નથી. મેં તમામ (મોદી) વચનો પર પ્રશ્ન પૂછ્યા. અમારી પાર્ટીમાં કહેવામાં આવતું હતું કે સંવાદ થવો જોઇએ, પરંતુ યશવંત સિન્હા અને મેં સંવાદની કોશિષ કરી તો સમય આપ્યો નહીં. અડવાણીજીને પોતાના બ્લોગમાં પોતાનું દર્દ લખવું પડ્યું. ભાજપના સિનિયર નેતાઓને ટિકિટ નળી મળતા સિન્હાએ પ્રશ્ન કર્યો કે શું ૭૫ વર્ષ બાદ વ્યક્તિ બ્રેનડેડ થઇ જાય છે. શત્રુઘ્ન સિન્હા એ મોદી સરકારના કરાયેલા નિર્ણયોની પણ જોરદાર ટીકા કરી. તેમણે કહ્યું કે નોટબંધી જેવા નિર્ણયથી દેશના લોકો પર શું ગુજરી હશે. પીએમના આ નિર્ણયે લોકોને લાઇનમાં ઉભા કરી દીધા પ્રચાર પર જેટલો ખર્ચ કરાઇ રહ્યો છે એટલા પૈસા વિકાસ પર ખર્ચ કરાયા હોત તો સ્થિતિ કંઇક જુદી હોત.

૨૫થી વધુ લોકો ઘાયલ, ઘણા ગ્રામીણ ગુમ હોવાની આશંકા

હૌશંગાબાદમાં ૩૯ ખેતરોમાં આગ લાગતા ૨ના મોત: પાક બળીને ખાક

હૌશંગાબાદ

હોશંગાબાદ નજીક આવેલા ૩૦ ગામોના ખેતરમાં શુક્રવારે મોડી સાંજે આગ લાગી હતી. તેના કારણે ઘઉં પાક બળીને ખાક થઈ ગયો છે. ઘટના સમયે ૧૮ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. તેના કારણે આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. ઘટનામાં પાંજરાકલાંમાં રહેતા ૨૮ વર્ષના દિલીપ અને ૩૨ વર્ષના અમિતનું દાઝવાના કારણે મોત થયુ છે. ૨૫થી વધારે લોકો ઘાયલ થયા છે. એક વ્યક્તિને ગંભીર સ્થિતિમાં ભોપાલ ટ્રાન્સફર કરવામાં આવ્યો છે. ઘણાં ગ્રામીણ ગુમ થયા હોવાની માહિતી મળી છે.

આગ સૌથી પહેલાં નરવાઈ ગામથી શરૂ થઈ હતી જે પવન વધારે હોવાના કારણે ઝડપથી ફેલાઈ ગઈ હતી. આગ કેવી રીતે લાગી તેનું કારણ હજી સામે આવ્યું નથી. મોડી રાતે કુલામઢી, રસૂલિયા, નિમસાડિયા સહિત અન્ય ગામોના ઘર સુધી આગ પહોંચી ગઈ હતી. આ દરમિયાન ૧૦થી ૧૫ ફૂટ ઉંચી જ્વાળા દેખાઈ હતી. કુલામડી, નિમસાડિયા, ગૌરા, ખોજનપુર, નિટાયા, ફેફરતાલ, સિવની માલવાસ શિવપુર, પાંજરા, પથૌડી સહિત ૩૦ ગામોના પાક સળગી ગયા છે.

કાશ્મીરી પંડિતોને નવા વર્ષની શુભેચ્છા પાઠવવામાં પ્રિયંકા ગાંધીએ લોચો માર્યો..!!

ન્યુ દિલ્હી

દેશમાં આજે અલગ અલગ તહેવારોનુ સેલિબ્રેશન થઈ રહ્યુ છે.ઉત્તર ભારતમાં નવરાત્રી તો મહારાષ્ટ્રમાં ગૂડી પડવાના પર્વની ઉજવણી થઈ રહી છે.

જમ્મુ કાશ્મીરમાં આજનો દિવસ નવરેહ તરીકે મનાવવામાં આવે છે.જોકે કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ કાશ્મીરી પંડિતોને આ દિવસની શુભેચ્છા પાઠવવામાં બાફ્યુ હતુ. પ્રિયંકા ગાંધીએ નવરેહની જગ્યાએ નવરોઝની શુભેચ્છાઓ પાઠવી હતી.જે ખરેખર પારસીઓનો તહેવાર છે. પ્રિયંકાએ ટ્વિટ કર્યુ હતુ કે, મારા કાશ્મીરી ભાઈઓ અને બહેનોને નવરોઝ મુબારક.જોકે ટ્વીટર પર યુઝર્સે નવરોઝ વાંચીને પ્રિયંકા ગાંધીની ટીકાઓ કરી હતી.



ચૈત્રી નવરાત્રિના આરંભે નૂતન વર્ષની શરૂઆત થાય છે સાથે સાથે બળબળતા ઉનાળાનો પણ આરંભ થતો હોય છે. ચૈત્રી નવરાત્રીના પ્રારંભ થતો હોય છે. ચૈત્રી નવરાત્રિના પ્રથમ નોરતે નવા માટલાની ખરીદી કરવાની પરંપરાના કારણે લીંબાયત મારૂતિ નગરમાં સવારથી જ માટલાઓનું મોટું બજાર ભરાયું હતું.

વલસાડ બેઠકના ઓબ્ઝર્વરોએ રાજકીય પક્ષ સાથે બેઠક યોજી

ચૂંટણી પંચ દ્વાર ન્યાયી અને નિષ્પક્ષ ચૂંટણી યોજવા પ્રયાસો

વલસાડ

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ની ૨૬-વલસાડ (અ.જ.જા) બેઠક શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય અને ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનો ચુસ્તપણે અમલ થાય તે માટે જનરલ ઓબ્ઝર્વર શ્રી યશપાલ ગર્ગ (આઈ.એ.એસ.) પોલીસ ઓબ્ઝર્વર શ્રી પવાર પ્રવિણ મધકર (આઈ.પી.એસ.)ની ઉપસ્થિતિમાં જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી સી.આર. ખરસાણની અધ્યક્ષતામાં કલેકટર કચેરીના સભાખંડખાતે રાજકીય પક્ષોના હોદ્દેદારો સાથે બેઠક મળી હતી.

આ બેઠકને સંબોધતા જનરલ ઓબ્ઝર્વર શ્રી યશપાલ ગર્ગે જણાવ્યું હતુ કે, લોકસભા સામાન્ય ચૂંટણીની ૨૬-વલસાડ બેઠકની ચૂંટણી નિષ્પક્ષ, ન્યાયી, શાંતિપૂર્ણ માહોલ અને આદર્શ આચારસંહિતાના અમલ સાથે યોજાઈ તે માટે સર્વે પક્ષોને સહયોગ આપવા જણાવ્યું હતું. ચૂંટણી અંગેના કોઈ પણ કામ માટે રૂબરૂ અથવા ટેલીફોનિક સંપર્ક કરવા પણ જણાવ્યું હતું.

પોલીસ ઓબ્ઝર્વર શ્રી પવાર પ્રવિણ મધકરે ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારી રાખવા સાથે ચૂંટણીને લગતા પ્રશ્નો હોય તો ધ્યાન દોરવામાં આવશે તો જરૂરી વિચાર વિમર્શ કરવામાં આવશે તેમ જણાવ્યું હતુ. આ અંગેની કોઈ પ્રશ્નો હોય તો ટેલીફોનિક અથવા રૂબરૂ મળવા જણાવાયું હતું.

જિલ્લા ચૂંટણી અધિકારી સી.આર.ખરસાણે રાજકીય પક્ષો દ્વારા રજૂ થયેલા પ્રશ્નોનું જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક સુનિલ જોશી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી કે.આર.પટેલ, ચૂંટણી મામલતદાર કૃતિકા વસાવા સહિત રાજકીય પક્ષોના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

આંધ્ર પ્રદેશના મુખ્ય સચિવ અનિલ પુનેઠાને હટાવાયા

મમતા બેનર્જીને ચૂંટણી પંચનો ફટકો: ચાર પોલીસ IPS અધિકારીઓની બદલી

ન્યુ દિલ્હી

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના નજીકના મનાતા ચાર આઇપીએસ અધિકારીઓની ચૂંટણી પંચે શુક્રવારે બદલી કરી નાખી છે. ચૂંટણી પંચના આદેશ મુજબ સીબીઆઇ સામેના ધરણા દરમ્યાન દર વખતે મમતાની સાથે દેખાતા કોલકાતાના પોલીસ કમિશનર અનુજ શર્માની પણ બદલી થઇ ચૂકી છે. સૂત્રોના મતે રાજ્ય સરકાર આ મુદ્દે કાનૂની વિકલ્પ સહિત અન્ય વિકલ્પો પર પણ વિચાર કરી રહી છે.

અનુજ શર્મા ઉપરાંત પંચે અન્ય ત્રણ પોલીસ અધિકારીઓની પણ ટ્રાન્સફર કરી છે અને રાજ્ય સરકારને આદેશ આપ્યો છે કે આ ચેરેયને ચૂંટણી સંબંધિત કોઇ જવાબદારી સોંપવી નહીં. પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ મલય ડેના નામે લખેલા પત્રમાં ચૂંટણી પંચે કહ્યું કે ટ્રાન્સફરનો આદેશ તત્કાલિક અસરથી લાગું થયો છે.

ચૂંટણી પંચે બિધાનનગરના પોલીસ કમિશનર જ્ઞાનવંત સિંહ, ડાયમંડ હાર્બરના એસપી એસ. સેલ્વમુરૂગન અને બિરભૂમિના એસપી શ્યામ સિંહની પણ ટ્રાન્સફર કરી છે. પંચના સચિવ રાકેશ કુમારના નામથી રજૂ કરવામાં આવેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના એડીજી ડૉ.રાજેશ કુમારને કોલકાતાના નવા પોલીસ કમિશનર બનાવાયા છે. જ્યારે એડીજી અને આઇજીપી (સંચાલન) નટરાજન રમેશ બાબુને બિધાનનગરના પોલીસ કમિશ્નર બનાવાયા છે.

પંચે બિધાનનગરના ડીસી અવશુ રવિન્દ્રનાથને બીરભૂમિના નવા એસપી નિમણૂક કર્યા અને થર્ડ બટાલિયનના ડીસી કેએપી શ્રીહરિ પાંડેને ડાયમંડ હાર્બરના એસપી તરીકે નિમણૂક કર્યા છે. ઉલ્લેખનીય છે કે ડાયમંડ હાર્બરથી મુખ્યમંત્રી મમતા બેનરજીના ભત્રીજા અભિષેક બેનરજી ફરીથી ચૂંટણી મેદાનમાં છે જ્યારે બીરભૂમિ અને બોલપુર લોકસભા ક્ષેત્રોમાં ભાજપને જબરદસ્ત સમર્થન પ્રાપ્ત થતું દેખાઇ રહ્યું છે.

મુંબઈ નોર્થથી કોંગ્રેસના ઉમેદવારનું વિવાદિત નિવેદન

હાલમાં હિન્દુ ધર્મ સૌથી હિંસક ધર્મ બની ગયો છે: ઊર્મિલા માતોડકર

મુંબઈ

કોંગ્રેસની ટિકિટ પરથી મુંબઈ નોર્થ લોકસભા બેઠક પર ચૂંટણી લડી રહેલી બોલીવૂડ એક્ટ્રેસ ઉર્મિલા માંતોડકરે એવુ નિવેદન આપ્યુ છે જેના પગલે વિવાદનો વંટોળ સર્જાયો છે.

ઉર્મિલાએ એક ચેનલ સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે, હિન્દુ ધર્મ પોતાની સહિષ્ણુતા માટે જાણીતો હતો પણ હાલમાં હિન્દુ ધર્મ સૌથી હિંસક ધર્મ બની ગયો છે.નરેન્દ્ર મોદી સરકારના પાંચ વર્ષથી મને સૌથી વધારે નફરત છે.

ઉર્મિલાએ અસહિષ્ણુતાનો રાગ આલાપતા કહ્યુ હતુ કે, ભારતમાં આ પાંચ વર્ષ દરમિયાન અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અભાવ હતો અને દેશ અરાજકતા તરફ ધકેલાઈ રહ્યો હતો અને લોકોને લાગતુ હતુ કે હિંસા જ એક માત્ર રસ્તો છે. ઉર્મિલાએ પીએમ મોદીને દેશમાં નફરત અને ધાર્મિક અસહિષ્ણુતાનો માહોલ ઉભો કરવા માટે જવાબદાર ઠેરવ્યા હતા. ઉર્મિલા માતોંડકર ગત ૨૭ માર્ચે જ કોંગ્રેસમાં સામેલ થઈ છે.

સંઘર્ષની કથા ઘડી મત મેળવવા મોદી ગુમરાહ કરી રહ્યા છે: કુમારસ્વામી

બેંગ્લુરુ

કર્ણાટકના મુખ્યમંત્રી એચ.ડી. કુમારસ્વામીએ શનિવારે એક નવો વિવાદ છેડ્યો છે. તેમણે એવો દાવો કર્યો હતો કે એક નિવૃત લશ્કરી અધિકારીએ તેમને ૨૦૧૭માં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મત મેળવવા માટે ભારત અને પાકિસ્તાન વચ્ચે 'સંઘર્ષની કથા' ઘડશે અને લોકોને ગુમરાહ કરશે. તેમની આ ટિપ્પણી પર ભાજપ દ્વારા પ્રતિક્રિયા આપવામાં આવી છે અને જણાવાયું છે કે મુખ્યમંત્રીએ અગાઉથી આ માહિતી નહીં આપીને રાજદ્રોહ કર્યો છે. કુમારસ્વામી એ ચિકમંગલુરમાં એક ચૂંટણી સભાને સંબોધતા દાવો કર્યો હતો કે બે વર્ષ અગાઉ એક નિવૃત્ત લશ્કરી અધિકારીએ મને માહિતી આપી હતી કે મારી વાત લખી રાખજો કે લોકસભા ચૂંટણી અગાઉ ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષની કથા ઘડાશે અને નરેન્દ્ર મોદી મત મેળવવા માટે ભારતની પ્રજાને ફરીથી ગુમરાહ કરશે. તેમણે કહ્યું કે દેશની સુરક્ષાના નામે ભાજપ મત માગી રહ્યું છે પરંતુ પ્રશ્ન એ છે કે શું છેલ્લા ૭૦ વર્ષમાં દેશની સુરક્ષા કરવામાં આવી નથી. પ્રજાએ ભાજપ પર વિશ્વાસ કરવો જોઈ નહીં. હું તમને પૂછું છું કે જ્યારે એક કન્નડિગા (તેમના પિતા એચ ડી દેવેગૌડા) વડાપ્રધાન હતા ત્યારે શું કોઈ બોમ્બ વિસ્ફોટ થયો હતો. શું તે દરમિયાન કોઈ જવાન શહીદ થયો હતો.

કુમારસ્વામીના કથન પર ભાજપ પ્રવક્તા જી. મધુસુદને કહ્યું કે આ જાણકારી હોવા છતાં મુખ્યમંત્રીએ પુલવામા હુમલાની સરકારને જાણ નહીં કરીને રાજદ્રોહ કર્યો છે.

જીઆઈએ દ્વારા 'ડાયમન્ડસ ખાણથી બજાર સુધી' વિશે પરિસંવાદ યોજાયો

નિરુપા ભટ્ટે ડાયમંડ વેપારીઓને મહત્ત્વની જાણકારી આપી

નવસારી

રત્નો અને જ્વેલરીમાં ખરીદદારોનો વિશ્વાસ જાળવી રાખવામાં મદદરૂપ બનવા જીઆઈએ ઈન્ડિયા દ્વારા ૨૪મી માર્ચના રોજ નવસારી ખાતે સ્થાનિક વેપારીઓ માટે 'ડાયમંન્ડસ : ખાણ-થી-બજાર' સુધી પર ખાસ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ખાણથી લઈને બજાર સુધીના ડાયમન્સના પ્રવાસ વિશે મહત્વની માહિતી મેળવવા નવસારી મરચંટ ડાયમન્ડ એસોસિએશનના ૨૩૫થી વધુ સભ્યોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

જીઆઈએના માર્ગદર્શક વિજય પરમારે પ્રારંભિક સંશોધન, ખાણના બાંધકામ, ખાણમાંથી ડાયમંડ કાઢવા, તારવણીથી લઈને વેપાર, ઓકશન્સ, પોલિશીંગ, જ્વેલરી ઉત્પાદન અને ગ્રાહકને વેચાણ સુધીની ડાયમંડની મૂલ્યવર્ધિત પૂરવઠા-સાંકળ સુધીના દરેક સેગમેન્ટસ વિશે વિગતવાર માહિતી પૂરી પાડી હતી.

ભારત તથા મધ્ય પૂર્વ જીઆઈએના મેનેજિંગ ડિરેક્ટર નિરુપા ભટ્ટે જણાવ્યું હતું કે, 'જાહેર- લાભ પૂરા પાડતી સંસ્થા તરીકે જીઆઈએ ઈન્ડિયા વેપારી વર્ગની શિક્ષિત તથા સશક્ત કરવા આવા પ્રકારના પરિસંવાદોનું આયોજન કરતી રહે છે. આવા પ્રકારની માહિતીથી ગ્રાહકવોમાં રત્નો અને જ્વેલરી સંદર્ભમાં વિશ્વાસ કેળવવાનું આસાન રહે છે. રત્ન અને જ્વેલરી ઉદ્યોગ વિશે નવસારી મરચંટ ડાયમન્ડ એસોસિએશનના સભ્યોને મહત્વની બાબતોની જાણકારી પૂરી પાડવાના અમારા પ્રયાસોમાં ટેકો આપવા બદલ જીઆઈએ ઈન્ડિયા એસોસિએશનનો આભાર માને છે.'

મતદાન કરી પેટ્રોલ પંપ પર જશો તો પ્રતિ લિટર ૫૦ પૈસાની છૂટ મળશે

લોકસભા ચૂંટણી: મતદાન કરવા પર પેટ્રોલ પંપ પર ગ્રાહકોને મળશે ડિસ્કાઉન્ટ

ન્યુ દિલ્હી

ચૂંટણી નજીક છે અને તમામ રાજનીતિક પાર્ટીઓ ચૂંટણી પ્રચાર માટેની તૈયારીમાં લાગી ચૂકી છે. તમામ દિગ્ગજ નેતાઓ અને કાર્યકર્તાઓ મતદાતાઓને મતદાન કરવા માટે જાગરૂક્ત કરી રહ્યા છે. હવે મતદાતાઓને જાગરૂક્ત કરવા માટે પેટ્રોલિયમ ડિલર્સ એસોસિયેશન પણ આગળ આવ્યુ છે. જી હા, આ માટે તેમણે વોટિંગના દિવસે મતદાન કરવા પર પેટ્રોલ-ડિઝલ પર છૂટ આપવાની જાહેરાત કરી છે. હવે જો મતદાતા મતદાનના દિવસે વોટ કરીને પેટ્રોલ પંપ પર જશે તો તેમને પ્રતિ લિટર ૫૦ પૈસાની છૂટ મળશે.

ઑલ ઇન્ડિયા પેટ્રોલિયમ ડિલર્સ એસોસિયેશન (AIPDA)એક નિવદેનમાં કહ્યુ કે, ''અમે મતદાતાઓ વચ્ચે મતદાન માટે જાગરૂક્તા લાવવા માટે 'પ્રમોટ વોટિંગ' કેમ્પેનની શરૂઆત કરીએ છીએ જેના હેઠલ વોટ કરવા પર ૫૦ પૈસા/લિટરની છૂટ મળશે.'' આ ઑફરમાં ભાગ લેનારા પેટ્રોલ પંપ પર સવારે ૮ વાગ્યાથી રાતે ૮ વાગ્યા સુધી ગ્રાહકો પોતાની આંગળી પર સ્યાહીનુ નિશાન બતાવી શકે છે. AIPDAના અધ્યક્ષે જણાવ્યુ કે, ''એક ગ્રાહક મતદાનના દિવસે અધિક્તમ ૨૦ લિટર સુધી પેટ્રોલ-ડિઝલ પૂરાવી શકે છે.

પેટ્રોલ પંપ પર રહેલ સ્ટાફ પણ પૈમ્ફલેટ્સ અને બીજી પ્રચાર સામગ્રીની સાથે ગ્રાહકોને મતદાન કરવા માટે જાગરૂક્ત કરશે. તમને જણાવી દઇએ કે, ૧૧ એપ્રિલથી ૧૯ મે સુધી ૭ તબક્કામાં ચૂંટણી થશે.આ ચૂંટણીમાં લગભગ ૯૦ કરોડ લોકો મતદાન કરશે.

મુસ્લિમોએ ફરજિયાત ભારત માતા કી જય બોલવું પડશે: નરેશ અગ્રવાલ

હરદોઇ

ઉત્તરપ્રદેશના સંડિલામાં વેપારીઓ દ્વારા યોજાયેલા હોલી મિલન સમારંભમાં ભારતીય જનતા પાર્ટીના નેતા નરેશ અગ્રવાલે મુસ્લિમો વિશે અપમાનજનક નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે અમે દેશવાસી સમજીને સેવા કરી રહ્યા છીએ. જો અમને વિદેશી સમજશો તો તમે વિદેશી થઈ જશો. આ દેશમાં રહેવું છે તો 'ભારત માતા કી જય' બોલવું જ પડશે.

ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી (બીએસપી)ના ગઠબંધન પર પ્રહાર કરતા નરેશ અગ્રવાલે કહ્યું કે ગઠબંધનનું જોડાણ માત્ર ૨૪ મે સુધી જ છે. ૨૪મીએ માયાવતી કહેશે કે મુસ્લિમ અને યાદવોએ દગો આપ્યો એટલે અમે ગઠબંધન તોડી રહ્યા છીએ. નરેશ અગ્રવાલે મતદારોને અપીલ કરી કે અખિલેશ જેવા યુવકે એક અભિનેત્રી માટે મારી ટિકિટ કાપીને મારૂં અપમાન કર્યું છે. હવે તમે લોકો તેનો બદલો અવશ્ય લેજો.

નરેશ અગ્રવાલે આગળ કહ્યું કે મુસ્લિમો કહે છે કે તેઓ મોદીને હરાવવા ઇચ્છે છે. જો મુસ્લિમો તેમની પાંચ-છ પેઢીનો જૂનો ઇતિહાસ શોધે તો તેઓ પણ હિન્દુ હતા. મુસ્લિમોએ ૭૦૦ વર્ષ સુધી દેશમાં રાજ કર્યું છે. તે રાજમાં મુસ્લિમોએ આપણું ધર્મ પરિવર્તન કર્યું. એક પણ મુસ્લિમ વિદેશી નથી. મુસ્લિમોએ પણ વિચારવું જોઇએ. હિન્દુસ્તાનમાં તમે વિચારો છો કે પાકિસ્તાનના નારા લાગશે તો તે શક્ય નથી. પાકિસ્તાની ક્રિકેટ ટીમ જીતી જાય તો જશ્ન, ભારતની ટીમ જીતી જાય તો માતમ! તે હવે શક્ય નથી.

નર્મદા જિલ્લામાં HIV પીડિતોને મળતી તબીબી સહાયમાં વધારો થાય તેવી માંગ

ઘણા વર્ષથી તબીબી સહાયના માસિક ૫૦૦ રૂપિયા અમુક પીડિતોને મળતા હોય હાલ મોંઘવારી વધતા બમણા નાણાં કરાય એ જરૂરી

રાજપીપળા : નર્મદા જિલ્લામાં ૧૬૦ થી વધુ એચઆઈવી પીડિત દર્દીઓ છે જેમાં મોટાભાગના આર્થિક પછાત કહી શકાય તેવા હોય ત્યારે દસેક વર્ષ થી સરાર દ્વારા આ પીડિતો માટે અલગ અલગ સહાય શરુ કરાય છે જેમાં એક તબીબી સહાય હોય આ સહાય માં દર વર્ષે એક ફોર્મ ભરી આરોગ્ય વિભાગમાં આપવાનું હોય જેમાં દર મહિને ૫૦૦ રૂપિયા ની સહાય દર્દીના બેંક ખાતા માં જમા થતી હોય છે પરંતુ હાલ વધતી મોંઘવારીં માસિક ૫૦૦ રૂપિયા મામૂલી ગણાય માટે તેમાં વધારો કરવા નર્મદા જિલ્લાના ના Hiv ગ્રસ્તો ની માંગ છે .આ બાબતે અગાઉ ઘણી વાર તંત્ર સહીત સરકારમાં પણ રજુઆત કરવામાં આવી હતી છતાં વર્ષો બાદ પણ કોઈજ વધારો થયો નથી ત્યારે આ દર્દીઓની દયાજનક સ્તિથી એ છે કે એ કોઈ જાહેરમાં આવી સકતા નથી નહિ તો સમાજ સામે પોતાની ગુમ્નતા ખુલ્લી પડી શકે ત્યારે લોકો ભેદભાવની નજરે જોતા થાય એક તરફ સરકારી કર્મચારીઓને મોંઘવારી ભથ્થુ કે અલગ અલગ પગાર પાંચ આપવા સરકાર જુકી જાય છે કેમકે આ લોકો આંદોલન હડતાલ નું શસ્ત્ર ઉગામે છે ત્યારે બીજી તરફ એચઆઈવી પીડિતો પોતાની ગુમ્નતા જાળવવા જાહેરમાં આવી શકતા નથી માટે સરકારે આવા આજીવન દવાઓ પર જીવતા અને પરિવારના સ્થંભ સમાન દર્દીઓની તકલીફમાં સહભાગી થઈ સહાયના નાણાંમાં વધારો કરવો જોઈએ.

સરકારી કર્મચારીઓને મોંઘવારી ભથ્થુ કે અલગ અલગ પગાર પંચ મેળવવા આંદોલન બાદ નાણાં મળતા હોય છે ત્યારે એચઆઈવી પીડિતો પોતાની ગુમ્નતા જાળવવા સમાજ સામે ન આવી સકતા હોય સરકારે માસિક શયમાં વધારો આપવો જોઈએ

વિશ્વ એઇડ્સ દિને રેલી કે અન્ય તાયફા બંધ કરી સહાય વધારવી જોઈએ : એચઆઈવી પીડિત, (રાજપીપળા)

નર્મદા જિલ્લાના એક એચઆઈવી પીડિતે જણાવ્યું કે વર્ષો પેહલા રાજ્ય સરકાર દ્વારા શરુ કરાયેલી આ સહાયમાં મહિને ફક્ત ૫૦૦ રૂપિયા મળે છે તેમાં એક ટંક નાસ્તો કે અન્ય મામૂલી ખર્ચ પણ ન નીકળે માટે સરકારે મોંઘવારી પ્રમાણે અમારી તરફ જોઈ તેમાં વધારો કરવો જોઈએ બાકી વિશ્વ એઇડ્સ દિને નીકળતી રેલી કે અન્ય જાગૃતિ ના તાયફા અર્થ વગરના હોય તેમાં લખો નો ધુમાડો ન કરી સહાય વધારવા સરકાર ધ્યાન આપે એ અમારા અને અમારા પરિવારના હિત માં હશે .

તિલકવાડાના નમારીયા ગામની કેનાલ પાસે અપંગ યુવાનનો ફાંસો ખાઈ આપઘાત

રાજપીપળા : તિલકવાડાના નમારીયા ગામની કેનાલ પાસે એક અપંગ યુવાનનો પોતાના જ સર્ટ નો ફંદો બનાવી ફાંસો ખાઈ ગયેલ મૃતદેહ મળી આવતા ચકચાર મચી હતી સ્થાનિક ખેડૂતે આ બાબતે પોલીસને જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

તિલકવાડા તાલુકાના નમારીયા અને સોઈકુવાની વચ્ચે આવેલ કેનાલની બાજુમાં નમારીયા ગામની સીમમાં એક અજાણ્યા ૪૦ થી ૪૫ વર્ષના યુવાન કે જે જમણા પગ થી અપંગ હતો. જેને કોઈ અગમ્ય કારણસર ગત રોજ ગાંડા બાવળની ડાળ સાથે પોતાના પહેરેલ શર્ટથી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી આ બાબતે શાહપુરના ભયજી ચીમન ને જાણ થતા તેને તિલકવાડા પોલીસને જાણ કરી પોલીસે તપાસ હાથ ધરી હતી.

સાડી દલાલ આપઘાત કેસમાં ભાગીદાર વિરૂદ્ધ ગુનો નોંધાયો

રૂપિયાની ઉઘરાણી અંગે ધમકી અપાતા દલાલે આપઘાત કર્યો હતો

સુરત

સાડીની દલાલીના રૂપિયાની ઉઘરાણીમાં ભાગીદારની ધાક ધમકીથી દલાલને આપઘાત કર્યાના પ્રકરણમાં ભાગીદાર સામે સરથાણા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પાસોદરા પાટીયા નવકાર રેસીડેન્સીમાં રહેતાં લાલુભાઈ વિરજીભાઈ ધામેલીયાના ભત્રીજા બિપીનભાઈ બાબુભાઈ ધામેલીયાએ ઝેરી દવા પી જઈ આપઘાત કર્યો હતો. આ પ્રકરણમાં કાકા લાભુભાઈએ મરનાર ભત્રીજા બિપીનના સાડીના દલાલીના ભાગીદાર કિરણ ચહરભાઈ કાલસરીયા સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ સાડી દલાલીના ધંધાના તથા વેપારી હિતેષભાઈના પૈસાની ઉઘરાણી બાબતે મરણ જનાર પાસે બળજબરી રૂપિયા કઢાવવા માટે આરોપી કિરણ કલસરીયા વારંવાર ધાક ધમકી આપતા હતા. જેને કારણે ફરિયાદીના ભત્રીજા બિપીને આપઘાત કરી લીધો હતો. સરથાણા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

અંક્લેશ્વર ખાતેથી ચોરીની મો.સા. સાથે એક કિશોરને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓ તરફથી જીલ્લા મા બનતા મિલકત સંબંધી તથા વાહન ચોરી ના ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સુચના મળેલ જે અનુસંધાને એલ.સી.બીના પોલીસ ઈન્સ્પેકટર શ્રી જે.એન. ઝાલાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી ના પો.સ.ઈ વાય.જી. ગઢવી તથા ટીમના પોલીસ માણસો પેટ્રોલિંગમાં હતા દરમ્યાન પો.કો. સરફરાજભાઈ ને મળેલ બાતમી હકીકત આધારે અંક્લેશ્વર કરજણ નહેર યોજના પાસે નાની રેલ્વે ફાટક પાસેથી એક કિશોર ને તેના' કબ્જામાંની હોન્ડા સ્પ્લેન્ડર મો.સા. જીજે-૧૬-બીએફ-૪૮૦૫ સાથે રોકી લેવામા આવેલ અને મો.સા. રજી.અંગેના કાગળોની માંગણી કરતા નહી હોવાનું જણાવેલ જેથી તેના કબ્જામાંથી મળી આવેલ સ્પ્લેન્ડર મો.સા. ની કી.રૂ. ૧૫,૦૦૦/- ગણી તપાસ અર્થે કબ્જે કરવામા આવેલ અને મો.સા સાથે મળી આવેલ કિશોર ની પુછપરછ કરતા તેના કબ્જામાંથી મળી આવેલ મો.સા. મોજ શોખ કરવા તેમજ ફરવા સારૂ આશરે સાતેક દિવસ અગાઉ અંક્લેશ્વર નિરાંતનગર ના ગેટ સામે થી ચોરી કરી મેળવેલ હોવાનું જણાવેલ જેથી જણાવેલ હકીકત આધારે ખાત્રી કરતા કબ્જે કરવામા આવેલ મો.સા ની ચોરી બાબતે અંક્લેશ્વર શહેર પો.સ્ટે. મા ગુ.ર.નં-I ૬૮/૨૦૧૯ ઈ.પી.કો.ક-૩૭૯ મુજબ ગુનો દાખલ થયેલ જે ગુનો અનડીટેકટ હોય ડીટેકટ કરવામા આવેલ છે.

દક્ષિણ ગુજરાતમાં તાપમાન નીચુ નોંધાતા ગરમીમાં રાહત

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી દક્ષિણ દિશાથી પવન ફુંકાવાની સાથે ગરમીનો પારો સામાન્ય કરતા ૪ થી ૬ ડીગ્રી નીચે નોંધાતા શહેરીજનોને અસહ્ય ગરમીથી હંગામી રાહત મળી રહી છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આકરો તાપ પડી રહ્યો છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં પવન ફૂંકાતા ગરમીથી રાહત મળી રહી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૩ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૪.૯ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા અને હવાનું દબાણ ૧૦૧૩.૮ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી દક્ષિણ દિશાથી કલાકના ૮ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે.

નવસારીમાં આજે અધિકતમ તાપમાન ૩૨.૮ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૨.૫ ડીગ્રી નોંધાયું છે. વલસાડમાં અધિકતમ તાપમાન ૩૩.૪ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૧.૧ ડીગ્રી નોંધાયું છે.

સમગ્ર દક્ષિણ દિશામાં પવનના લીધે તાપમાનમાં સામાન્ય કરતા ૪ થી ૬ ડીગ્રીનો ઘટાડો નોંધાયો છે. એપ્રિલ મહિનાની શરૂઆત સાથે જ પવનની દિશા બદલતા ગરમીથી હંગામી રાહત મળી રહી છે. હવામાન વિભાગના સૂત્રોએ વધુમાં જણાવ્યું છે કે આગામી સમાહ બાદ પવનની દિશા બદલવાની સાથે ગરમીનો પારો વધશે અને શહેરીજનોને કાળઝાળ ગરમીનો સામનો કરવા તૈયાર રહેવું પડશે.

સાગબારાના સેલંબા ગામે જમીન બાબતે બે પરિવારો વચ્ચે મારામારી

પંચાયતની જમીન પર ગેર કાયદેસર મકાન બાંધી રહો છો કહી જાનથી મારી નાખવાની ધમકી

રાજપીપળા : સાગબારાના સેલંબામાં જમીન બાબતે બે પરિવારો બાખડ્યા જેમાં એક પાડોશી દ્વારા તે પંચાયતની જમીન પર ગેર કાયદેસર મકાન બાંધી રહો છો તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપતા ગુનો પોલીસ ચોપડે નોંધાયો છે .

પ્રાપ્ત માહિતી અનુસાર સાગબારાના સેલંબા ગામના જમાદાર ફળિયું માં રહેતા નબીમહંમદ ફયાજમહંમદ શેખે સાગબારા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તે સેલંબા ખાતે સીટી સર્વે નંબર-૧૭૦ વાળી જમીન આવેલ છે. જે જમીનમાં સેલંબા ગ્રામ પંચાયતના દફતરે ઘર નંબર ૧/૨૨ થી કાચુ તથા પાકૂ મકાન આવેલ જેમાં નબીમહંમદનું પરિવાર રહે છે ત્યારે ગામનાજ નજીર ગુલામરસુલ મકરાણી નબીમહંમદને તમારુ મકાન અને ઘર આવેલ છે તે જગ્યા પંચાયતની છે અને તમારી નથી તેમ કહી હેરાન પરેશાન કરી નબીમહંમદની પત્ની શહીદબીબીને ગમે તેમ ગાળો આપી કહેલ કે તમારૂ મકાન અને ઘર આવેલુ છે. તે પંચાયતની જગ્યા છે નહી કે તમારા બાપની તમે લોકોએ ગેર કાયદેસર રીતે કબ્જો જમાવી બેઠા છો હું તમને છોડવાનો નથી અને તમારૂ મકાન અને ઘર આવેલ છે. તે જગ્યા ઉપર બાલવાડી, ગાર્ડન અને ઓફિસ બનાવવની છે. અને તારા પતિ ને કહી દેજે કે મકાન અને ઘર ઉખેડી લે નહી તો ભોગવવા તૈયાર રહે અને મને એકલ-દોકલ મળશે તો તેને હું જીવતો નહી છોડુ અને જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપી ગુનો કર્યો જે બાબતની ફરિયાદ સાગબારા પોલીસમાં નોંધાવતા પોલીસે તપાસ ચાલુ કરી છે.

પરવત પાટીયા મધુરમ ફેશન પ્રિન્ટીંગ કારખાનામાં આગ

સવારે સાત વાગે એકાએક આગ ફાટી નીકળી

સુરત

આજે સવારે સાડા સાત વાગ્યાના સુમારે પરવત પાટીયા આઈમાતા રોડ ખાતે આવેલ મધુરમ ફેશન પ્રિન્ટીંગ પ્રેસમાં આગ લાગતા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ફાયર સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે સાડા સાત વાગ્યાના સુમારે પરવત પાટીયા આઈમાતા રોડ ખાતે આવેલ પ્રામોદય ઈન્ડસ્ટ્રીઝ, પ્રભુ ઈન્ડસ્ટ્રીઝના બાજુમાં આવેલ મધુરમ ફેશન પ્રિન્ટીંગ પ્રેસમાં આગ લાગી હોવાનો મેસેજ મળ્યો હતો. બનાવની જાણ થતા ફાયર ઓફિસર સોલંકી સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા. ગ્રાઉન્ડ ફ્લોર સાથે ત્રણ માળની ઈમારતમાં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ પ્રિન્ટીંગ યુનિટમાં ઓવર હીટિંગથી આગ લાગી હતી. આગના લીધે વિન્ટેઝ રોલ, વાયરિંગ, તાકાને આગથી નુકસાન થયું છે. કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી. ફાયર સ્ટાફે સમયસર આગને કાબુમાં લેવામાં સફળતા મળી હતી.

લીંબાયતમાં ભંગારના ગોડાઉનમાંથી રૂા.૪.૫૦ લાખનો દારૂનો જથ્થો પકડાયો

ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ઈશ્વર નગર ઈન્ડસ્ટ્રીઝમાં છાપો માર્યો

સુરત

લીંબાયતમાં ભંગારના ગોડાઉનમાંથી ડીસીબી પોલીસે દારૂના જથ્થા સાથે કુલ રૂા.૬,૫૦,૭૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ડીસીબી પોલીસે બાતમીના આધારે લીંબાયત ઈશ્વરનગર ઈન્ડસ્ટ્રીયઝ ખાતા નં.૩૩/૩૪ના ભંગારના ગોડાઉનમાં દરોડા પાડ્યા હતા. ગોડાઉનમાંથી ડીસીબી પોલીસે દારૂની ૬૧૨૦ બોટલનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે રૂા.૪,૫૦,૭૨૦ની કિંમત નો દારૂ અને બોલેરો ગાડી મળી કુલ રૂા.૬,૫૦,૭૨૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ડીસીબી પોલીસે ગાડીવાળા, ભંગારના ગોડાઉન વાળા સહિતનાને વોન્ટેડ જાહેર કર્યા હતા. ડીસીબી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, લોકસભા ચૂંટણી ૨૦૧૯ સંદર્ભે લાગેલી આચાર સંહિતાના કડક અમલ સાથે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં કડક દારૂબંધી અમલી બનાવવામાં આવતા દારૂની અછત વચ્ચે ઉંચા ભાવે બેનંબરી દારૂનો વેપલો કરવા કેટલાક બુટલેગરો હજુ પણ સક્રિય હોય પોલીસે સંપૂર્ણ પણે દારૂ બંધી અમલ કરવાના હેતુ માટે બુટલેગરો સામે કડક કાર્યવાહી શરૂ કરી દીધી છે. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચ પોલીસે લીંબાયતમાં ભંગારના ગોડાઉનમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં સફળતા હાથ લાગી છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઇડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઇચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847